# પોષી પૂનમ



: પ્રકાશક :

અંબુભાઈ મ. શાહ

મંત્રી

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હરીભાઈની વાડી-દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ-૩૮૦૦૦૪

# સાચો વૈદ

સાધુ સંતબાલજી–વૈદ તમોને દવા બતાવી રહ્યા છે, એમને કેટલું સૂઝે છે કે જે તમને આજે ન પણ સૂઝે. છતાં શ્રદ્ધાથી ઝીલી રહ્યા છો તેમ ઝીલજો. એમની પ્રેરણાને ખૂબ ચાવજો. ખૂબ સમજીને આચરજો. ગામડાંમાં અજ્ઞાનને લીધે જ દરિદ્રતા છે. લોટ જેવી મૂળ વસ્તુ આપીને ગાજર ખરીદવાં, મીઠડાં દૂધ આપીને 'ચા' પીવી આ એનો હડહડતો નમૂનો છે. ચાનો કોપ એ ઈશ્વરી કોપ જ છે. તમે એનાથી દૂર રહેજો. મહારાજશ્રીએ 'લોકપાલ' નામ પસંદ કર્યું છે, તેનો મહિમા કદાચ આજે તમોને પૂરેપૂરો નહિ પણ સમજાય. ગુજરાતની કાળીપરજ અને રાનીપરજની કોમ પ્રથમ તો લોકસેવકોને સાંભળવા પણ તૈયાર નહોતી, પરંતુ આજે તેમને પોતાને ભાન થયું છે કે જમીન તો અમારા બાપદાદાની છે. સુરત ભણી રહેતી દૂબળા તરીકે ઓળખાતી કોમ તો અનાવિલ ભાઈઓને ત્યાં ગુલામ તરીકે જિંદગીભર વેચાતી. એમનું નામ રાષ્ટ્રનેતાઓએ 'હળપતિ' રાખ્યું છે. આજે હવે તે નામનું ગૌરવ તે કોમને સમજાવા લાગ્યું છે.

તા. ૨૯–૧૧–૪૧ રવિશંકર મહારાજ

# પોષી પૂનમ

વસંતતિલકા

દુઃખી અનાથ જીવનો થઈ બેલી સાચો,
પાળે બધાય જીવને તજી સ્વાર્થ ખંતે;
ખેતી કરી પકવી અન્ન સદાય પોષે,
એ લોકપાલ બનજો પ્રભુ! ટેકપાલ.

# ભાલ નળકાંઠાનો પ્રયોગ

આ પ્રયોગનો પ્રારંભ સંવત ૧૯૯૫ પોષ સુદ પૂનમથી થયો. આદર્શ સમાજ કેવો હોય એ કલ્પના 'આદર્શ સમાજવાદ' નામની પુસ્તિકાની પ્રસ્તાવનાથી થયેલી. એક વર્ષના સમૌન–એકાંતવાસે નકશો દોરી આપ્યો અને નિવેદન પછી પગલી પાડવાની સમાજે તક આપી. આ છે નલકાંઠા ભૂમિમાંના મંડાણની પૂર્વભૂમિકા.

પ્રયોગનું મુખ્ય મધ્યબિંદુ તો કાર્યકર્તાઓ તથા ગ્રામ-જનતાનો અરસપરસનો સ્નેહ અને સહકાર છે. આ પ્રયોગમાં નાનાંથી માંડી મોટાં સૌએ પોતાની જાતનું ઘડતર કાર્યની સાથે સાથે કરતા રહેવાનું હોય છે. એથી ધનને અનુચિત મહત્તા ન મળે, ગામડાં પ્રત્યે ઉદાર, જિજ્ઞાસુ અને વિશ્વવાત્સલ્યમય દૃષ્ટિ રહે. આ પ્રયોગની સંપૂર્ણ સફળતાનો આધાર જ એના પર છે.

ભાલ નળકાંઠાનો આ પ્રયોગ જો પૂરેપૂરો સફળ થાય તો એનું સ્થાન દુનિયામાં કુદરતે રચવા ધારેલા સમાજ-વાદમાં ધર્મદૃષ્ટિપૂર્વક મોખરે રહેશે એ વિષે મને તલભાર શંકા નથી. સાથે સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે નિસર્ગ મૈયાની દયા વિના આ પ્રયોગની સફળતા અશકય છે. માટે એ ૐ મયા સતત આપણી સામે રહો અને આપણા સૌના જીવનમાં એનું જોમ વહો ! ! !

તા. ૩–૧–૪૭ **સંતબાલ**

# ભાલ નળકાંઠા પ્રયોગનું બીજારોપણ

મુનિશ્રી સંતબાલજી સને ૧૯૩૮ સંવત ૧૯૯૪નું ચોમાસું વાઘજીપુરા (અમદાવાદ બાવળા રોડ ઉપરના ગામે) પાસે રોડ ઉપર એક કુટિરમાં હતું. ચાતુર્માસ પૂરું થયે નજીકના ગામડાંઓનો પ્રવાસ એમણે કર્યો. તેમાં પ્રબળ નિમિત્ત શ્રી છગનભાઈ દેસાઈ અને મલાતજવાળા શ્રી ડાહ્યાભાઈ પટેલ બન્યા. સૌ પ્રથમ સંમેલન માણકોલમાં સંવત ૧૯૯૫ના પોષ સુદ ૧૫ના રોજ મુનિશ્રીના સાંનિ-ધ્યમાં મળ્યું તેનો અહેવાલ એક નાની પુસ્તિકામાં છપાયો છે. તે પુસ્તિકાનું સંપાદન શ્રી છોટાલાલ વસનજી મહેતાએ કર્યું છે. તેમાંથી આ લોકપાલ પટેલ સંમેલનના ઠરાવો તથા અહેવાલ ટૂંકાવીને આવ્યા છે. છેલ્લા ઘણા વરસોથી ગુંદી આશ્રમમાં આ પોષી પૂનમની ઉજવણી થાય છે. 'ધર્મદૃષ્ટિએ સમાજરચના'ના પ્રયોગનું બીજારોપણ આમ સહજ રીતે પોષી પૂનમે થયું ગણાય. એની સ્મૃતિ આ રીતે સાચવી રખાય છે.

આગામી પોષી પૂનમે તા. ૨૮–૧–૮૩ના રોજ ગુંદી આશ્રમમાં સંત સેવક સમુદ્યમ પરિષદના ઉપક્રમે ગુજરાત-ના સંતો અને સેવકોનું એક સર્વ ધર્મ સંમેલન મળવાનું છે. મુનિશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી સ્થપાયેલી અને ચાલતી આ પરિષદને સંત વિનોબાજી, આચાર્ય તુલસી,

સ્વામી અખંડાનંદ સરસ્વતી, સ્વામી સત્યામિત્રાનંદજી વગેરે અનેક સાધુ સંતોના આશીર્વાદ મળ્યા છે. પરિષદના કાર્યક્રમમાં (૧) માંસાહાર ત્યાગ, (૨) દારૂબંધી, (૩) ગોરક્ષા જેમાં ગોવધબંધી અને ગોસંવર્ધન, (૪) અસ્પૃશ્યતા નિવારણ અને (૫) સર્વ ધર્મ ઉપાસના એ મુખ્ય છે. આ કાર્યક્રમનો ગુજરાતમાં અસરકારક અમલ થાય એ માટે આ પોષી પૂનમના સંમેલનમાં નક્કર કાર્યક્રમ ઘડી કાઢવામાં આવશે.

આ દૃષ્ટિએ ૪૫ વર્ષ પહેલાં માણુકોલમાં મળેલા વિશાળ સંમેલનમાં થયેલા ઠરાવો, પ્રવચનો અને તેની કાર્યવાહીને તાજી કરવી સમયોચિત એટલા માટે ગણાય કે મુનિશ્રીના ધર્મદૃષ્ટિએ સમાજરચનાના વિચારોનાં બીજ એ વખતે વવાયેલાં એમાં જોઈ શકાય છે. ત્યાર પછી પાંચમું સંમેલન શિયાળમાં મળ્યું. તેમાં આ ઠરાવોની પુષ્ટિ કરવામાં આવી છે. શિયાળ સંમેલનની કાર્યવાહીનો ટૂંકો ખ્યાલ આપ્યો છે. આશા છે કે વાચકોને પણ એ ગમશે અને એમાંથી પ્રેરણા મળશે.

અંબુભાઈ

# સમાજસુધારણાના શ્રીગણેશ

પ્રથમ સોપાન

## પોષી પૂનમ

તા. ૫-૧-૩૯ **સંમેલનની શરૂઆત**

પૂ. મહારાજશ્રી તા. ૨-૧-૧૯૩૯ના પગવિહાર કરી માણકોલ મુકામે પધાર્યા અને બહારનાં મીજમાનોનું આગમન શરૂ થયું. તેમ જ, 'લોકપાલ સંમેલન'ની સફળતા ઇચ્છનારા સંદેશાઓ આવવા લાગ્યા. ગુરુવારની પ્રભાતે સદ્‌ગૃહસ્થો અને લોકપાલ પટેલોનાં ટોળાં ઊભરાવા લાગ્યાં. ગુરુવાર પ્રભાતે બાવળા યુવક મંડળના ઉત્સાહી સભ્યોએ ગામ સફાઈનું કામ આરંભ્યું. ગ્રામ્યજનોનો હરખ માતો નહોતો. એક નાનામાં નાના બાળકથી માંડીને મહાવૃદ્ધ સુધી સૌના હૈયાં ડોલી રહ્યાં હતાં. થોડી જ વારમાં હાથો હાથ કામ થતાં માણકોલ એક દેવમોહક મંદિર બની ગયું. શ્રીમંતોના સંતાનો-ઉજળિયાત અને ઊંચી કેળવણી પામેલા સજ્જનો હાથમાં ઝાડુ લઈ જાતે બધું સાફ કરતા હતા અને એક મરેલા કૂતરાને ઢસડી ગામ બહાર લઈ જતા હતા તે જોઈને બધી કોમે એક ઊજળો પદાર્થપાઠ પોતાના હૃદયમાં કોતરી લીધો કે ચોકખાઈ રાખવી અને ગંદું ઉઠાવી ગામ સફાઈ કરવી એ તો ઊંચામાં ઊંચી સેવા છે. એવી સેવા કરનાર પ્રજાનો સાચો સેવક છે.

અને પ્રભુને વ્હાલો છે...

ગુરુવાર સંધ્યા સુધીમાં છ સાત હજાર માણસો સુખેથી બેસી શકે એટલો વિશાળ સભા મંડપ ખડો થઈ ગયો. ઠેર ઠેર નીતિ–ધર્મ અને ફરજનો ખ્યાલ આપતાં સુંદર બોર્ડો ટાંગી દેવામાં આવ્યાં હતાં. મંડપના મુખ્ય દરવાજા પર રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવ્યો હતો.

સભા મંડપની વચમાં સુંદર વ્યાસપીઠ ગોઠવવામાં આવી હતી. માતાઓ, બાળકો, પ્રેક્ષકો, પ્રતિનિધિઓ તથા આમંત્રિત ગૃહસ્થોની બેઠક માટે જુદા જુદા વિભાગો પાડી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. માણકોલ ગામના મુખ્ય રસ્તાઓ ધજા પતાકાઓથી શણગારવામાં આવ્યા હતા. મુખ્ય દરવાજા પર ટાંગેલું લોકપાલ સંમેલનનું બોર્ડ સર્વના દિલમાં નવી ભાવના જગાવતું હતું. વ્યવસ્થિત કાર્યક્રમ પ્રમાણે વખતોવખત નોબતનાં નાદો વાતાવરણને પ્રેરી રહ્યાં હતાં.

હરિપુરા મહાસભા જેણે જોઈ હશે એવા જોવા આવનારને આ સ્થળ હરિપુરા મહાસભાની યાદ તાજી કરતું હતું- અને આ પ્રદેશના લોકો કે જેમણે આવાં સંમેલનો જોયાં જ નથી, તેમને તો અજાયબીમાં ગરકાવ કરી નાખતું હતું. ઘણા જ ટૂંકા સમયમાં આટલી તૈયારી જોઈ સૌના અંતઃકરણ પર કુદરતનો ગૂઢ સંકેત સહેજે સ્પર્શી જતો હતો.

૧૯૩૯ છોટાલાલ વસનજી મહેતા

# 'લોકપાલ પટેલ સંમેલન'ના ઠરાવો

## માંસાહાર ત્યાગ

'આજથી આપણી 'લોકપાલ પટેલ' કોમ માટે હત્યાઃ અને માંસાહાર સર્વથા વર્જ્ય ગણવામાં આવે છે. હત્યા કરનાર અને માંસાહાર કરનારને ધર્મશાસ્ત્રમાં નરકનો અધિકારી ઠરાવ્યો છે. એ શાસ્ત્ર વચનને અક્ષરશઃ સ્વીકારીને આ સંમેલન એનો બહુ કડક રીતે પૂરેપૂરો ત્યાગ કરે છે. આજ સુધી થયેલાં બધાં પાપનો પશ્ચાત્તાપ કરી આ સંમેલન ઠરાવે છે કે હવેથી એવું કૃત્ય કરનાર, કરાવનાર કે એવા કૃત્યને ટેકો આપનારને ઠાકર મહારાજની આણ છે. છૂપી રીતે પણ આ ઠરાવની વિરુદ્ધ જનાર આપણી આખી કોમનો ગુનેગાર ગણાશે. અને તેની સાથે પ્રેમભર્યાં બધા પગલાઓ લેવાનો હક આ માટે નીમેલી છવીશ જણની કમિટીને બહુમતે આપે છે. એમ છતાં એનો નીકાલ નહિ આવે તો સાણંદ, બાવલા તથા વિરમગામના મહાજનને જાહેર કરી એકડો કરાવવો, પણ એ પહેલાં મહારાજશ્રી અથવા એવા કોઈ સંત મહાત્માને કહેવાથી એનો નીવડો પ્રેમભરી રીતે આવી જતો હોય તો એટલાં સખત પગલાં ન લેવાં.'

० 'આજથી આપણી કોમમાં કોઈ કોઈ ઠેકાણે કસુંબાનો રિવાજ છે, તે સદંતર બંધ કરવામાં આવે છે.'

૦ 'દારૂ જેમ નશાની ચીજ છે અને ધાર્મિક, શારીરિક, માનસિક અને આર્થિક નુકસાની કરે છે તેમ 'ચા' ના પીણાંથી પણ શરીરની હદ બહારની પાયમાલી થાય છે. આપણી મહેનતુ કોમ માટે એ પીણું એક શાપરૂપ છે, ભાવિ પ્રજાના આરોગ્ય માટે ચિંતાજનક દુશ્મનરૂપ છે, અને એથી તદ્દન નકામો ને વધુ પડતો ખર્ચ થાય છે. માટે આજથી દારૂ અને ચા એ બન્ને પીણાંનો બહિષ્કાર કરવામાં આવે છે.'

## સામાજિક રિવાજો સંબંધી

જ્યાં લગી એક પત્ની હોય, ત્યાં લગી એક ઉપર બીજી કન્યા કોઈએ દેવી નહિ. પણ પ્રજા ખાતર ત્રીસ વર્ષની ઉંમર પછી કોઈ લાવે તો જૂની બાઈની ખોરાકીનો પ્રબંધ કરી, નવી લાવવાની એને છૂટ આપવામાં આવે છે.

અપવાદ સિવાય ધણી જીવતા છતાં લખણું આપવાનું બંધ કરવામાં આવે છે. અપવાદનું બરાબર નક્કી કરવાની સત્તા નીમેલા સભ્યોને સોંપવામાં આવે છે. એ એ સભ્યોથી ન થઈ શકે તો છેવટે લવાદને એ ફેંસલો કરવાની સત્તા આપવી.

અપવાદમાં નીચેની વસ્તુઓ મુખ્ય ગણવી.

(૧) ન પૂરી શકાય એવી અંગની મોટી ખોડ હોય.

(૨) કોઈ રીતે ધણી ધણીયાણી વચ્ચે પ્રકૃતિનો મેળ જ ન મળતો હોય.

(૩) એ અને એવાં બીજાં કુદરતી કારણો હોય.

આવા અપવાદમાં પણ લખાણું આપતાં પહેલાં પોત પોતાની ચોવીશીના મુખ્ય આગેવાનોને ખબર આપવી અને એ આગેવાનોએ છવીશ સભ્યોની ચૂંટેલી સમિતિને જણાવી બહુમતીથી કામ લેવું.

છૈયા છોકરા હોય છતાં બીજી લાવવા ઇચ્છે એને કોઈએ કન્યા આપવી નહીં. પણ (૧૦) મી કલમમાં બતાવ્યા મુજબ અપવાદે કુદરતી કારણે લાવવી પડે તો કલમ ૧૦મીમાં કહ્યા મુજબની શરતે લાવી શકે.'

## અન્ય ઠરાવો

○ હોળી અને વિવાહ વખતે બીભત્સ શબ્દો બોલવાનું બંધ કરવામાં આવે છે. અને તેને બદલે કમિટી નક્કી કરી આપે તે જ ગાવા બોલવાનું ચાલુ રાખવું.

○ 'આ સંમેલન મરણ પાછળ મીઠા ભોજનનું કારજ ન કરવા માટે વિનંતી કરે છે. છતાં જો કોઈ કરે તો કરનાર રૂા. ૧૫ નાત ફંડમાં આપે.'

○ 'સવેલી–બીજાની પરણેતરનું અપહરણ–બાબતના ગુન્હામાં કન્યા પાછી લેવી અને નાતદંડ તરીકે રૂ. ૧૫૧ ગુનેગાર પાસેથી લેવા, અને આ રૂપિયાનો કમિટી નક્કી કરે તે મુજબ ઉપયોગ કરવો.'

○ 'હવેથી આપણા કોઈ ગામમાં ભવાયા રમાડવા નહિ. પરંતુ જો તેઓ આપણને ઉપદેશ આપી શકે તેવાં ભજન, વાર્તા, હરિકથા વગેરે કરે તો જ આપણે તેમને યથાશક્તિ ફાળો મરજિયાત કરી આપવો.

'આ લોકપાલ પટેલ સંમેલન મહાસભાની (કોંગ્રેસની) અહિંસા અને સત્યની નેમે ચાલતી સર્વાંગ સ્વતંત્રતાની લડત પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવે છે.

ત્યારબાદ 'વૈદ્યભા'ના માનવાચક નામે સંબોધાતા 'વૈદ્યરાજ' શ્રી વાસુદેવભાઈ એ ખૂબ ગદગદિત કંઠે નલકાંઠાની ભૂમિ પ્રત્યેના ઉપકાર પ્રસંગો વર્ણવીને કહી બતાવ્યા. સર્વાનુમતે પસાર થયેલા કિંમતી ઠરાવોને પૂર્ણ રીતે વફાદાર રહેવાની વિનંતી અને પ્રભુ પાસે પ્રાર્થના કરી. સાણંદ તાલુકાની આ પ્રથમ પ્રગતિનું માન લોકપાલ પટેલ સંમેલનને ફાળે આવ્યું એ બદલ ખૂબ આનંદ પ્રગટ કર્યો અને હૃદયના આશીર્વચન આપ્યાં. ત્યારબાદ શ્રી જુઠાભાઈએ પોતા તરફથી આ લોકપાલ કોમ માટે પોતાની સેવા અર્પવાનું વચન આપ્યું અને પોતાની ઘણા વખતની ઇચ્છા આજે મૂર્તિમંત થયેલી જોઈ પોતાને થતો આનંદ દેખાડી તેના બદલામાં આ સંમેલન જેવું સંપૂર્ણ રીતે સફળ થયું છે તેવી જ રીતે સદાય સક્રિય રાખવા પોતા તરફથી શ્રીયુત ડાહ્યાભાઈ (મલાતજવાળા)ને આ લોકપાલ પટેલ સંમેલનના સેક્રેટરી તરીકે કાયમ કર્યા અને એમને એક વર્ષની જરૂરિયાતોનું ખર્ચ એમને સોંપાયેલા ફંડમાંથી ઉપાડી લેવાનું સ્વીકાર્યું તથા આવી વિરાટ સભા હોવા છતાં લોકપાલ પટેલ બંધુઓએ જાળવેલાં શાંતિ અને શિસ્તની સર્વમુખી પ્રશંસા કરી પછાત ગણી કાઢેલી કોમ પાસેથી ઉજળિયાત ગણાતી કોમોએ આવા અનેક કુદરતી રીતે ખીલેલા સદ્ગુણોનું અનુકરણ કરવાનું રહે છે તેમ

કહી બતાવ્યું. આથી લોકપાલ પટેલોના ઉત્સાહનું વહેણુ વધુ જોરથી ઉભરાઈ આવ્યું.

પછીથી માણુકોલ સમસ્ત ગામ તરફથી નીચેનું લખેલું આભારદર્શન વાંચ્યું હતું.

પૂજ્ય મહારાજશ્રી સંતબાલજી !

શ્રી પ્રમુખ સાહેબ તથા અન્ય બંધુઓ !

નળકાંઠાના ભોળા, દયાવાન ને સરળ હૃદયના કાળી મજૂરી કરનાર ખેડૂતો કેળવણી ને દોરવણી વિના દુઃખે ને ભૂખે મરે છે. દરિદ્રતાના દૂષણોએ આ પ્રદેશમાં ઘર કર્યું છે. એ દુઃખ ને દૂષણામાંથી બહાર આવવા આ પ્રજા અધીરી થઈ રહી છે.

પણ એ દુઃખી પ્રજા પાસે કોણ આવે કે કોણ એને મુક્તિનો માર્ગ બતાવે ? ભણેલો શિક્ષિત વર્ગ હજુ ગામડાંને અપનાવી શકયો નથી, સમાજસેવકો હજુ ભીતરના ગામડાંને પહોંચી શકયા નથી.

દુઃખમય પરિસ્થિતિમાંથી બહાર આવવા આતુર થયેલી પ્રજાને સદ્ભાગ્યે સાધુપુરુષ સંતબાલજીનો મેળાપ થયો. આ પ્રદેશનાં દારૂણ દુઃખો જાણી એમનો આત્મા કકળ્યો. એમણે ગામે ગામ ફરવું શરૂ કર્યું. અહીંની પ્રજાને દુઃખોમાંથી ઉગારવા ને નીતિને માર્ગે દોરવા પ્રવચનો કર્યા. એમના પરિશ્રમે આ સમારંભ યોજાયો છે.

અમારું માણુકોલ ગામ, નળકાંઠાની ભૂમિ ને લોકપાલની અડતાલીસી પૂજ્ય મહારાજશ્રીની અત્યંત આભારી

છે. અમારી ભૂમિ પર પવિત્ર પુરુષનાં પગલાં પડયા એને અમારા ભાવિ ઉદયનું સુચન સમજીએ છીએ.

અમારૂં માણકોલ અને લોકપાલની અડતાલીસી પૂજ્ય મહારાજશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે અને અમારી ભૂમિને વધુ સમય આપવા અને ચાતુર્માસ અત્રે ગાળવા અંતરથી વિનવીએ છીએ. એથી અમારો પ્રદેશ એમના દિલમાં હંમેશનું સ્થાન પ્રાપ્ત કરે.

પૂજ્ય મહારાજશ્રી સાથે રહેનાર શ્રી છોટુભાઈ તથા શ્રી શાંતિલાલે તથા ભાઈશ્રી ચુનીલાલે આ પરિષદને સફળ કરવા અથાગ પરિશ્રમ ઊઠાવ્યો છે તે અમારા ધ્યાન બહાર નથી. એ ભાઈઓના પણ અમો અત્યંત આભારી થયા છીએ. એઓને પણ અમારા પ્રદેશ તરફ નજર નાખતા રહેવા વીનવીએ છીએ.

શ્રી જુઠાભાઈ તરફથી કામ કરતા શ્રી ડાહ્યાભાઈ એ જે જહેમત ઉઠાવી છે તેની અમો નમ્રભાવે નોંધ લઈ એ છીએ.

સાણંદ બાવલાના મહાજન શેઠોએ તથા બાવલાના યુવકસંઘે તથા સાણંદ સાર્વજનિક હિતેચ્છુ મંડળના ભાઈ ઓએ જે સાથ ને સહકાર આપ્યો તે અમો વિસરીએ એમ નથી.

જે જે ભાઈ ઓએ અમને સહાયતા કરી છે તે સૌનો આ તકે આભાર માનીએ છીએ. બાવલા યુવકમંડળને અમો ભૂલી શકીએ એમ નથી. તકલીફ કે તસ્દી પડી હોય તેની ક્ષમા ચાહી હાજર રહેલા સર્વ બંધુઓનો આભાર

માનીએ છીએ.

દીનદયાળું કૃપા કરે ને દુઃખીઆનાં દુઃખો દૂર થાય એ જ મહાન પ્રભુને પ્રાર્થના છે.

પ્રમુખશ્રીએ જે ઉત્સાહથી સંમેલનનું કાર્ય ચલાવ્યું છે, તેની નોંધ લઇ તેમનો આભાર માનીએ છીએ.

અંતમાં પૂજ્ય મહારાજશ્રીએ ઉપસંહારમાં જણાવ્યું :

વ્હાલાંઓ !

આપણી ઉપર શીતળ ચંદ્રમા પૂર્ણ પ્રકાશથી કેવો રાજી રહ્યો છે ! ભલા ! એ કોનું આભારદર્શન ઇચ્છે છે ? આપણા સહુમાં એક જ તેજ વિલસી રહ્યું છે. આપણે સહુ એક જ સિંધુ તરફ વહન કરતાં ઝરણ છીએ. ત્યાં કોણે કોનો આભાર માનવો ? આપણને જે કુદરત મૈયાએ ભેગા મેળવ્યાં છે અને ન કલ્પી શકાય, ન કહી શકાય તેવો મીઠો સંબંધ તાજો કરવાનો આ ચર્મચક્ષુ સામે પ્રસંગ યોજ્યો છે, તે જ નિસર્ગમૈયા વળી વ્હેલા વ્હેલા આપણને મેળવશે જ. શ્રી છગનભાઇએ તમારા સહુ વતી ચાતુર્માસ માટે આગ્રહ કર્યો છે. વ્હાલાંઓ ! વાણી કરતાં મુંગું હૃદય મોટું છે.

સર્વ કરતાં આત્મા મોટો છે. બીજા બધા તમો ઠરાવો પાળશો કે કેમ ? એવી શંકા ભલે કરે, પણ હું તો કેમ જ કરું ? તમારા હૃદયમાં મારી સંપૂર્ણ શ્રદ્ધા છે. આટલા નિકટ સંસર્ગથી તમારી ભલમનસાઈની મારા મન પર પડેલી છાપ ન ભુંસાય તેવી છે.

## પ્રમુખ નાથાભાઈ બુટાભાઈ પટેલનું ભાષણ

અમારા નળકંઠાના ઈતિહાસમાં આજનો દિવસ ઉત્સવ ને આનંદનો છે. હમારી ભૂમિમાં આવા પ્રકારનું આ પહેલું જ સંમેલન છે. હમારા આંગણે આજે પૂજ્ય મહારાજશ્રી જેવા પવિત્ર સાધુ પુરુષ પધાર્યા છે. અને હમારી ભૂમિને પાવન કરી છે. એ સંત પુરુષનાં પગલાં હમારી ભૂમિમાં પડવાથી આંખના પલકારામાં હમારી ભૂમિમાં ખૂબ જાગૃતિ આવી છે. અને એમની પ્રેરણાને લઈ આજે હમારી અડતાલીસીનું સંમેલન સામાજિક સુધારા કરવા, હમારા લાભ અલાભ તથા હિત અહિતનો વિચાર કરવા મળ્યું છે, એવા પવિત્ર દિવસનો આનંદ કોને ન થાય?

ચાલુ રીતરિવાજો ને ધારાધોરણો પ્રથમ જ્યારે ઘડાયાં હશે ત્યારે આર્થિક દૃષ્ટિએ તેમજ બીજી રીતે એ આપણી કોમને અનુકૂળ હશે પણ આજે તો એ રિવાજો ને ધારા ધોરણોને અનુસરવામાં આપણે દેવામાં ડૂબતા જઈએ છીએ અને આપણી શારીરિક ને આર્થિક કંગાલિયત દિન પર દિન વધતી જાય છે, એટલે આજે તો આપણી કોમે રોટી ભેગા રહેવું હોય તો સામાજિક રીતરિવાજોમાં જમાના અનુસાર ફેરફાર કર્યા વગર પાલવે એમ નથી જ. આ કામમાં આપ સૌ એક મતે સંમત થશો એમ ધારૂં છું.

રાત દિવસ જાત તોડીને અન્ન પકવનાર આપણી કોમમાં અનેક વ્યસનોએ પ્રવેશ કર્યો છે. વ્યસનો આપણી શારીરિક ને આર્થિક બરબાદી કરી રહ્યાં છે. ચાના વ્યસને

તો આપણા પૈસાની પાયમાલી કરી અનેક રોગો બદલામાં આપ્યા છે. ચાનું વ્યસન આપણી કોમમાં એક દાયકા થયાં જ દાખલ થયું છે. છતાં દાયકામાં એણે તમામ પ્રજાને પાયમાલ કરી છે.

આપણા સદ્‌ભાગ્યે આજે મહારાજશ્રીએ એ બુરા વ્યસનમાંથી આપણને બચાવવા ગામે ગામ ફરી આપણને સદ્‌બોધ કર્યો ને સાચી સલાહ આપી જેથી આજે મોડે મોડે પણ આપણને સૂઝ્યું છે કે આપણા સુખ ને આબાદી માટે ચાને તીલાંજલિ આપવી અને એ આપણી ફરજ થઈ પડી છે. ખેડૂતોનાં ઘરમાં સવારમાં ચા ન હોય પણ છાશ ને રોટલો હોય. જે ખોરાક ભૂતકાળમાં આપણા પૂર્વજો લેતા ને ખૂબ તાકાત ને આરોગ્ય ભોગવી લાંબુ આયુષ્ય ભોગવતા. દારૂ તો આપણી કોમમાં જવલ્લે જ વપરાય છે. એ વપરાશ પણ આપણે સદંતર બંધ કરવો અત્યંત જરૂરી છે. આપણી મહાસભા સરકારના દારૂબંધીના કાર્ય-ક્રમને આ સંમેલને ટેકો આપવો જોઈએ. અને એ સ્તુત્ય પગલાં માટે આપણી મહાસભાવાદી સરકારને ધન્યવાદ આપવા જોઈએ. ચા પર એવા જ પ્રકારનો પ્રતિબંધ મૂકવામાં આવશે એવી આશા આપણે આપણી મહાસભા વાદી સરકાર પાસે રાખી શકીએ, કસુંબાનો રિવાજ પણ સદંતર બંધ કરવો જરૂરી છે.

આપણો ધર્મ તો નિર્બળ ને દુઃખીની વ્હાર કરવી ને પ્રાણી માત્રનું રક્ષણ કરવું તે છે. મને કહેતાં શરમ આવે છે કે આજે આપણા પૂર્વજોના એ દયા ધર્મને ભૂલી આપણા

માંના કેટલાંક જીવ હિંસા ને પાપાચાર કરવા લાગ્યા છે, જીવ હિંસાનો આ પાપાચાર આપણા પ્રદેશમાંથી ને આપણી કોમમાંથી સદંતર બંધ થવો જ જોઈએ. જીવ હિંસાનું પાપ જો બંધ ન થાય તો કુદરત આપણા પર રૂઠશે, મેઘરાજા પણ ક્યાંથી મહેર કરશે ? આપણી ખેતીમાં પ્રભુ ક્યાંથી બરકત પૂરશે ? આપણાં સદ્ભાગ્યે પૂજ્ય મહારાજશ્રીએ સવેળા આપણને એ કુમાર્ગેથી પાછા વળવા ચેતાવ્યાં છે. હવેથી આપણે મહારાજશ્રીના બોધ અનુસાર ચાલશું તો ભૂતકાળના બધાં પાપો પ્રભુ એક વાર માફ કરશે. મને એ જાણીને આનંદ થાય છે કે આપણા મોટામાં મોટાં સાત ગામોએ હત્યા, માંસાહાર અને ચા સદંતર બંધ કર્યાં છે. એટલે આ ઠરાવોમાં તો આપણી બંને ચોવીશીઓનો સાથ મળશે જ.

આપણી કોમમાં લગ્નપ્રસંગે જે બંધણું બાંધવામાં આવે છે એની કશી મર્યાદા રહી નથી. વળી ખર્ચ આપણામાં મોટા ભાગને પાલવે એમ નથી, દેવું કર્યા વગર ભાગ્યે જ કોઈ એ ખર્ચને પહોંચી વળે છે. એ બંધણાનું ધોરણ એવું હોવું જોઈએ કે આપણામાંનાં ગરીબમાં ગરીબને એ પોસાય ને દેવું કરવાનો વખત ન લાવે.

મરણ પાછળનું કારજ હવે તો બધી કોમોમાંથી બંધ થવા લાગ્યું છે. આપણી કોમમાંથી એ ઝેરી જમણને સદંતર બંધ કરવું જોઈએ.

કાળી મહેનત કરવા છતાં હમો ભૂખ ને દુઃખથી

પીડાતા હતા. હમારી દાદ ફરિયાદ સાંભળનાર કોઈ નહોતું. હમારા પ્રદેશમાં પ્રાથમિક કેળવણી પણ નહિ જ જેવી છે. હમારી વસ્તીના ૧૦૦ ગામો પૈકી દશેક પ્રાથમિકશાળાઓ હશે, અજ્ઞાન દશામાં હમો પડેલા છીએ. રોગો ને બિમારીમાં દવાખાનાની સગવડો નથી.

શિક્ષિત વર્ગ દૂર દૂરથી હમને સુધરવાની સલાહ આપે છે. પણ હમારા દીન દુઃખી ગામડાંને હજુ અપનાવ્યાં નથી. સમાજ સેવકો હમને સમય આપી શકતા નથી. એટલે હમને સાચામાર્ગે દોરનાર ને હમારા દર્દનો ઈલાજ બતાવનાર કોઈ ન હતું. આ અકળાવતી અને ગુંગળાવતી પરિસ્થિતિમાંથી બહાર આવવા હમો પ્રભુ તરફ આશાભરી મીટ માંડી રહ્યા હતા. એવે ટાણે પ્રારબ્ધ યોગે–અકસ્માતે સંતપુરુષનો ભેટો થયો. એ સાધુ પુરુષની ઈચ્છા હમારા દુઃખો જાણવાની થઈ. હમારા દુઃખોનું વર્ણન એમણે લાગણીપૂર્વક સાંભળ્યું. એમનું હૃદય દ્રવ્યું અને એમનો કાર્યક્રમ રદ કરી એમનો કિમતી સમય હમને આપ્યો ને હમારો હાથ ઝાલ્યો અને એ સાધુ પુરુષની પ્રેરણાને લઈ આવો મંગળ સમારંભ યોજાયો છે.

લાંબા ભાષણો કરવાની હમારી શક્તિ નથી. ટાઢ અને તડકો સહી દિવસ ને રાત કાળી મજૂરી કરી, અનાજ પકવી અનાજના ઢગલા બુદ્ધિજીવી, વેપારી ને શિક્ષિત વર્ગને ચરણે ધરીએ છીએ અને બદલામાં હમારી સગવડો–કેળવણી ને દોરવણી–ની એમની પાસે આશા રાખીએ

૨

છીએ. આપણા ગામોમાં ભવાયા આવે છે. તેને જે કાંઈ ફરજિયાત આપવું પડે તે બંધ થવું જોઈએ.

ચોરી કરવી, ઓઘલા બાળવા ને સવેલીની બીના આપણી કોમ માટે કલંકરૂપ છે. લોકમત કેળવી એ કલંક જલદી દૂર કરવું જરૂરી છે.

આપ સર્વની વતી પૂજ્ય સંતબાલજી મહારાજને વિનંતી કરીએ છીએ કે આવતા ચાતુર્માસ માટેની અમારી વિનંતી છે. તે સ્વીકારીને હમારા નળકંઠના પ્રદેશમાં પધારી હમારો જે હાથ આપે પકડયો છે તે પ્રમાણે આપ હમારા એકે એક ગામમાં જરૂર પધારી હમારી બધી કોમને માર્ગદર્શક થશો.

## સ્વાગત પ્રમુખ માલાભાઈ પોચાભાઈનું ભાષણ

પૂજ્ય મહારાજશ્રી,

શ્રીમાન પ્રમુખ સાહેબ,

આપણી બન્ને ચોવીશીના આગેવાનોશ્રી, સાણંદ તથા બાવલાના મહાજન સાહેબો અને બીજા મીજમાનો તથા બંધુઓ અને માતાઓ !

આપ સહુનું હું પ્રેમભીનું સ્વાગત કરું છું. અમારા માણકોલ જેવા નાનકડા ગામમાં પધારીને આપ સહુએ અમારા ગામ પર જે આભાર કર્યો છે તેથી અમારા સહુના આનંદનો પર રહ્યો નથી અને આજનો દિવસ માણકોલના ઇતિહાસમાં અમર રહેશે. નાનોદરા મુકામે એવું નક્કી થયું કે માણકોલ ગામમાં સંમેલન ભરવું, તે

ખબર સાંભળીને બાળકથી માંડીને મોટેરા સુધી સહુના ઉમંગનો પાર રહ્યો નથી.

તમે અમારે આંગણે પધારેલા મોંઘેરા અતિથિઓ છો. સ્ટેશનથી ખૂબ દૂર અને વાહનની સગવડ વિનાના ઊંડાં ગામડાંમાં નજીકના શહેરોમાંથી પણ તમો આવ્યા છો એ ગામડાં પ્રત્યેની આપ સહુની મીઠી મમતા બતાવે છે. આવી જ લાગણી ભવિષ્યમાં પણ રહે એમ આ તકે વિનવું છું.

અમે તો તમારા ભોળાં બાળકો છીએ. સંત મહાત્માના હૃદયના આશીર્વાદ એ જ અમારી મૂડી છે. અમારાં રોટલા અને છાશ સ્નેહથી વધાવી લઈ, અમોને ઉજ્જવળ બનાવજો. અમારી જરૂરિયાત અને તમારી જરૂરિયાત વચ્ચે ઘણો જ ફરક હોઈ કંઈ તકલીફ કે અગવડ વેઠવી પડે તો ક્ષમા કરજો.

આવો મનુષ્ય મેળો એ અમારે મન અણમૂલો પ્રસંગ છે. અમે આજે અમારાં અહોભાગ્ય સમજીએ છીએ કે અમારી કોમમાં જેમના સદુપદેશના નિમિત્તે જાગૃતિ આવી છે અને આ મનુષ્ય મેળો જામ્યો છે તથા જેમના હૃદયમાં અમારી કોમ–પછાત કોમને માટે ઊંડી દાઝ અને પ્રેમભર્યા છે, તેવા પુરુષ આપણા સહુની સામે બેઠા છે એ આપણા સદ્‌ભાગ્ય છે.

મારું નાનું ભાષણ પૂરું કરતાં પહેલાં એટલું જ કહીશ કે આવો સદ્‌ભાગ્યનો સુપ્રસંગ ઉજ્જવળ બનાવવા અને સંમેલનને સફળ બનાવવા પ્રભુને પ્રાર્થના કરું છું કે

આપ સહુની મદદ અમોને ઉપકારી બનજો.

## પૂ. સંતબાલજીનું ઉદ્‍બોધન

તમારી કોમનું મૂળ ક્ષત્રિય વંશમાં છે, એની સાથે પણ 'લોકપાલ' શબ્દ બંધ બેસતો છે. 'લોકપાલ' એટલે લોકનું પાલન કરવું. લોકમાં ચર અને અચર બન્ને પ્રકારના જીવોનો સમાવેશ થઈ જાય છે. સ્વાર્થનો સંપૂર્ણ ભોગ આપીને લોકનું પાલન કરવું તે ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે. અત્યારે તમોએ જે ખેડૂત જીવન સ્વીકાર્યું છે, તે પણ આ યુગનો મુખ્ય લોકપાલન ધર્મ છે. અને 'કોળી' શબ્દ સાથે લાગવગ ધરાવતાં દૂષણો દૂર કાઢવા તમો કટિબદ્ધ થયા છો એને પણ 'લોકપાલ' શબ્દ છાજે છે. ભવિષ્યમાં પણ આ કોલને તમે પ્રાણ સાટે પાળીને તમારા પૂર્વજોના નામને દીપાવો અને તમારી પ્રજા પણ દીપાવે એવી યાદી પણ આ શબ્દ આપ મેળે આપે છે. જુઓઃ— તમે "લોકમાં રહેલા 'ક' અને 'લ' ને આગળ પાછળ મૂકો તો 'કોલને પાળનાર' એવો અર્થ 'લોકપાલ' શબ્દમાંથી નીકળશે.

તમારાં સાત ગામોએ તો તમારી ભલી કોમમાં પેસાઈ ગયેલાં મહાદૂષણો એકી અવાજે દૂર કર્યાં છે. સમસ્ત મળીને ઠરાવ કરી હત્યા અને માંસાહારનું મહાપાપ બંધ કર્યું છે. દારૂ અને ચાહનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. જે સાત ગામોએ આ પહેલ કરી છે, તે ગામોમાં

તમારા આગેવાનોનો મોટો ભાગ હોઈ એ ઠરાવો તો તમારી બન્ને ચોવીશી એક મતે મંજૂર કરશે જ. પરંતુ બીજી પણ એક અગત્યની જે બીના તમારે સૌએ ધ્યાનમાં લેવાની છે, તે ખોટા ખર્ચાઓના ઘટાડા વિષે છે.

હવે થોડુંક 'લોકપાલ' ભાઈઓના લેણદારોને કહુંઃ— 'વ્હાલાંઓ ! તમે આ લોકોના ગોવાળ છો, એ ગાયોની માવજત કરવી અને તાજી તથા સુદૃઢ રાખવી એ તમારું શુભ કર્તવ્ય છે. તમોએ કર્તવ્યમાં જેટલું ચૂકયા હો તેટલું સાચે દિલે પ્રાયશ્ચિત્ત કરજો. તમારે અને એમને બન્નેનાં માથાં ગુંથાયા છે. તમારા વિના એ નહિ દીપે ને તમો તો એમના વિના પાંગળા જ છો. કુદરત આજે સાચાં શ્રમજીવીના પક્ષ તરફ વળી ગઈ છે. આપણા પૂર્વજો એવા હતા એટલે જ 'પે'લાં શાહ ને પછી બાદશાહની કહેવત પડી છે, એને ફરી તાજી કરો. એમાં શોભા છે. જે દૂધ વધુ ને વધુ ચૂસવાની લાલચે ગાયોના આંચળ જ કાપશે તે બધુંય ગુમાવશે, તમો રાતામાતા ફરો છો, એમાં નૂર લોકપાલ ભાઈઓનું ઝળકે છે એ રખે ભૂલી જતા ! એ તમારા હાથ, પગ અને હૃદય છે. તમે એનું માથું છો. બાર બાર કલાકની કાળી મજૂરી કર્યા પછી એને ભાગે રોટલોય નહિ હોય અને તમે મહેલમાં માણતા હશો તો તમારા મહેલ ને ઘોડાગાડીઓ લાજશે. કુદરત એને ન સાંખે ને એનો ચહેરો કડક થાય તે પહેલાં તમે ચેતો એવા એ આગમચેતિયા પુરુષો છે એટલે જ કહું છું. તમારા પર મને ને મારા પર તમને પ્રેમ ભાવે કહેવાનો અધિકાર

છે. એટલે મને ભાસતું સત્ય ન કહું તો મારા હૃદયને અન્યાય થાય ! પેલું સૂત્ર તો યાદ છે ને કે જેમ હત્યા અને માંસાહાર કરનાર નરકનો અધિકારી છે તેમ આસક્તિપૂર્વક પરિગ્રહ રાખનારો પણ નરકનો અધિકારી છે, તમો સહુ આટલા સ્નેહથી આ 'લોકપાલ સંમેલન' માં રસ લઈ રહ્યા છો એ જાણી હું રાજી થાઉં છું. એમની કોમના સુધારામાં તમારું પણ હિત જ છે. તેઓ ઓછા ખર્ચાળ અને દિલના પૂરા દયાળુ રહેશે તેમાં દેશને પણ લાભ છે.'

# સમાજ સુધારણાના શ્રીગણેશ

## દ્વિતીય સોપાન

પ્રથમ નળકંઠાના ગામે ગામ ફર્યા, માણસે માણસને મળ્યા, ઝીણામાં ઝીણી બાબતને પણ તપાસી જોઈને પછી એ બેહાલ દશામાં મૂકી જવાનું દિલ પૂજ્ય મહારાજશ્રીને કેમ થાય? આ કોમ પૂ. મહારાજશ્રી પ્રેમમાં લુબ્ધ બની અને પૂ. મહારાજશ્રી ગામડીઆઓના પ્રેમમાં લુબ્ધ બન્યા. આમ પરસ્પર આકર્ષાતા નળકંઠાએ પૂ. મહારાજશ્રીને જકડી લીધા. અને માનકોલ મુકામે સેવાભાવી શ્રી છગનભાઈની અનન્ય ભાવનાથી લોકપાલ પટેલ કોમનું મહાસંમેલન સંવત ૧૯૯૫ના પોષ સુદ ૧૫નું ગોઠવાયું. તેમાં પાંચેક હજાર ભાઈબહેનો ભેગા મળ્યા, ચર્ચા થઈ, ઠરાવો થયા. એટલે તે દિવસથી જ માનકોલ મુકામે લોકપાલ પટેલ કોમના ઉદ્ધારનું પ્રથમ સોનેરી પાનું પૂ. મહારાજશ્રીના હસ્તે ઉઘડયું. ત્યારબાદ વિરમગામ પાસેના કમીજલા ઘોળનાં ૪૮ ગામો તૈયાર થયાં અને ત્યાં લોકપાલ ભાઈઓનું બીજું સંમેલન થયું. વળી ત્રીજું માનકોલ મુકામે એમ નલકંઠાની આખીયે ભૂમિ પાવન કરી નળકંઠાને અને ત્યાં વસતી લોકપાલ કોમને પૂ. મહારાજશ્રી ઘોર અંધકાર ભેદી પૂર્ણ પ્રકાશમાં લાવ્યા. ત્યારથી નળકંઠાના આખાયે પ્રદેશ માટે પૂ. મહારાજશ્રી સતત ચિંતા

સેવ્યા કરે છે. આમ પૂ. મહારાજશ્રીની પ્રવૃત્તિનો પ્રચાર લગભગ બધેય ઠેકાણે પ્રસર્યો, ભાલ વિભાગને તો આ અણ ચિંતવ્યો લાભ મળ્યો ગણાય, ઘર બેઠાં ગંગામાં નાહી પુણ્ય પ્રાપ્ત કરવાનું દિલ કોને ન થાય ?

શિયાળ સંમેલનને વિવિધ રીતે વધુ યશ અપાવનાર તો નળકંઠાના સરદાર ગણાતા શ્રી છોટુભાઈ જ છે. મંડપને વધારે દેદીપ્યમાન બનાવવાના તેમના પ્રયત્નો, ગામને સુંદર રીતે શણગારવાની તેમની કળા, ગામસફાઈ આદિ કાર્યોમાં તેમનો સાથ મોખરે હતો.

અંતમાં ઇચ્છું છું કે આ ચોગરદમ પથરાયેલી લોકપાલ કોમનો પૂ. મહારાજ સાહેબની પ્રેરણાથી અધિક ને અધિક વિકાસ થાય **કેશવલાલ જીવરાજ શાહ**

## સંમેલનમાં પધારેલા મીજબાનો

ગૂજરાતના જાણીતા અને સંયમ લક્ષી લોકસેવક શ્રી રવિશંકર મહારાજ, ધોળકા સમિતિના માજી પ્રમુખ ડાહ્યાભાઈ, હરિજન આશ્રમ નિવાસી શ્રી જુઠાભાઈ, ધોળકા સમિતિના ગુપ્ત સેવક શ્રી નાથાભાઈ, મુંબઈવાળા મોરારજીભાઈ તથા તેમના પત્નીબંધુ તેમજ વડોદરાના રસિકભાઈ, શ્રી કાશીબેન, બાવલાના અંગ્રેજી શાળાના શિક્ષક માધવજીભાઈ, ચુનીભાઈ, શ્રી ગાંગડ ઠાકોર તથા મેનેજર ભાઈ ઝાલા તથા લોકપાલ કોમના માનકોલ ચોવીસીના

નાથાભાઈ, વાસણાના મુખી હીરજીભાઈ, જાંબૂથલના મોહનભાઈ ઝીણાભાઈ તથા ઝાંપ નાનોદરા ચોવીસીના રામજીભાઈ વેલાભાઈ તથા ઘેલાભાઈ વગેરે અને કમીજલા અડતાલીસીના ભીખાભાઈ, ભગત, બગોદરા ઘોળ અને ગુંદીઘોળનાં પણ અમુક ગામો તથા તે ગામોના કાળુ પટેલ, નાનજી પટેલ, હનુ પટેલ, ગફુર પટેલ વગેરે ચુનંદા લોકપાલ આગેવાનો.

## સંદેશાઓ

'સંતબાલ' જેવા જાતે જેમાં હાજરી આપી દોરવણી કરાવનાર હાજર રહેનાર છે; ત્યાં હું દૂરથી જેમને સંદેશો પહોંચાડવાનો છે તેમને સાવ અજાણ્યો શું સંદેશો આપું ? શ્રી 'સંતબાલ'ના ઉપદેશને બરાબર પ્રજા અનુસરે એટલે તેઓ જિત્યા.

કિશોરલાલ મશરૂવાળા

૦ 'આવાં કામોમાં મને રસ છે, પણ તબિયત લથડી હોઈને બહાર ગામ જઈ શકતો નથી એટલે સંમેલનમાં હાજરી નહિ આપી શકું, મહારાજશ્રીના સમાગમનો લાભ લઈ નહિ શકું તે બદલ દિલગીર છું.

જન સેવા એ જ પ્રભુ સેવા છે, એ વાત તદ્દન સાચી છે, અને પ્રભુને મેળવવાનો આવાં દીન, દુઃખી, દલિતની વચ્ચે જઈને બેસવું એ જ ઉત્તમ ઉપાય છે. એ વિષે પણ શંકા નથી. તમારું સંમેલન સફળ થાઓ.

નરહરિ પરીખ સાબરમતી

૦ 'નળકંઠા વિભાગમાં જે કાર્ય ચાલી રહ્યું છે, તે ઘણું સુંદર છે અને તે શ્રી મોરારજીભાઈ સાથે આવ્યો ત્યારે નજરે જોયું છે. પાણીની યોજના અને અંદાજ ખર્ચ કેટલું થાય તે તૈયાર કર્યું હોય તો મોકલી આપશો કે જે કોઈ ભાઈને બતાવી યોગ્ય કરી શકાય. **અર્જુન લાલા મંત્રી**

અમદાવાદ જિલ્લા મહાસભા સમિતિ

૦ રૂા. ૩૦૧ પાયાના પ્રાયશ્ચિત તરીકે સંમેલન નિમિત્તે એક સેવકના છે, એની નોંધ લેજો. અગર રૂા. ૧૫૦ સંમેલન ખાતે અને રૂા. ૧૫૧ કૂવા નિમિત્તે.

**અજમેરા કંપની મુંબઈ**

૦ 'શિયાળ સંમેલનમાં આવવાની ઈચ્છા હતી, પણ કારણને લઈને આવી શકું તેમ નથી. છોટુભાઈ લખે છે તેમ નવાણમાં જરૂર હોય તો પાપના પ્રાયશ્ચિત્ત રૂપે રૂા. ૧૫૦ શ્રી જુઠાભાઈના કહેવા મુજબ નાના કૂવા માટે મારા નાનાભાઈ નિમિત્તે નોંધી લેજો.'

**લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી અમદાવાદ**

૦ 'સમારંભના રૂા. ૬૦૦-૭૦૦/ અંદાજ જે ખર્ચ થાય તેમાં ચોથો હિસ્સો મારો અને બીજા રેશમના વહેપારી ગોકળદાસ તરફથી ચોથો હિસ્સો. હું બનશે તો જરૂર આવવા લલચાઉં છું'. **દુર્લભજી ખેતાણી** ઘાટકોપર

૦ સંમેલનની ફતેહ ઈચ્છું છું'. **ગોકળદાસ રાયચુરા**

૦ 'પરમ પૂ. સંતબાલજી પ્રત્યે જે માન અને પૂજ્ય ભાવની લાગણી ધરાવીએ છીએ તે જોતાં તો મન ત્યાં

આવી પહોંચવા લલચાયા વિના નથી રહેતું પણ તબિયતને અંગે કોઈ નહિ આવી શકીએ તો ક્ષમા માગીએ છીએ.'

જવારજ

સંતોષરામ ભટ્ટ

માજી મંત્રી ધોળકા તાલુકા સમિતિ

## સંમેલન પ્રમુખ શ્રી કાળુભાઈનું ભાષણ

'આપણા ઘોળના નાતીલાએ મને પ્રમુખ તરીકે ચૂંટયો એ બદલ હું સર્વે ભાઈયુંનો ઉપકાર માનું છું. આપણે મહારાજશ્રીની પ્રેરણા પામ્યા છીએ એ આપણા સહુનાં ધનભાગ્ય છે. મહારાજશ્રી ધોળી મુકામે પધાર્યા ત્યારે મેં બગોદરાનાં ધારા ધોરણ વાંચ્યાં હતાં. બહુ સારાં છે, મને ગમ્યાં છે. તમને પણ ગમશે જ. આપણે સર્વે ભાઈયું એ પ્રમાણે જ એકમતે સર્વે મળીને ઠરાવ પસાર કરીએ એવી મારી વિનંતિ છે. એક બે વાતું આપણા ઘોળ બાબત મારે કહેવાની હતી તે મેં મહારાજશ્રીને કહી દીધી છે. જો એટલો સુધારો વધારો કરવો સહુને હૈયે બેસે તો કરવો. બાકી ખાસ મારે બીજું કહેવા જેવું જે છે તે ઠરાવમાં જ આવી જાય છે. એટલે વધુ બોલતો નથી. આપણે ચુસ્ત રીતે ઠરાવો પાળીશું અને મહારાજશ્રીની શિખામણ પ્રમાણે વર્તીશું તો સુખી થઈશું અને આપણી કોમની ઈજ્જત આટલી બધી વધી છે તેને સફળ કરી શકીશું.

હવે આપણે બધા મહારાજજી જે કહે તે એકચિત્તે સાંભળીએ અને બધું કામ સમાધાનીથી કરીએ.'

## પૂ. સંતબાલજીનું ભાષણ

વહાલા લોકપાલ પટેલ ભાઈઓ અને માતાઓ તથા અન્ય સહકારી વર્ગ !

નલકંઠા ભાલના સમસ્ત મહા સંમેલનોની ગણતરીમાં તમારી કોમનું આ પાંચમું અને ભાલ પ્રદેશનું બીજું મહાસંમેલન છે. બગોદરા સંમેલન પછી ગુંદી વગેરે બેતાલીસ ગામોના ઘોળનું સંમેલન પહેલું થશે, એમ મેં ધારેલું પરંતુ શિયાળનો નંબર પહેલો આવ્યો છે. ગુંદી ઘોળ પૈકીનાં કેટલાંક ગામો અહીં હાજર છે એટલે તેઓની અનુમતિ છે એ સહેજે જણાઈ આવે છે. બગોદરા ઘોળના આગેવાનો, નાતીલાઓ, અને બીજા મુંબઈ, અમદાવાદ, વડોદરા, બાવળા, વાઘજીપુરા, ધોળકા વગેરે સ્થળોના સહકારી વર્ગની હાજરી પ્રેરણા આપનારી નીવડશે. ખૂદ ગાંગડ ઠાકોરનું તેમજ મેનેજર સાહેબનું આગમન તમારા આ મંગળ કાર્યમાં સાથ સૂચવે છે. હું ઈચ્છું છું કે તેઓ એ જ રીતે પ્રજાની ઉન્નતિમાં પોતાના તન મન, સાધન સહિત નિરંતર સાથ આપીને અન્ય રાજવી વર્ગને ઉજળા ઉદાહરણ રૂપ બને. લોક સેવકો તો પોતાનો ધર્મ બજાવ્યા જ કરે છે. એટલે એમને બીજું તો શું કહું ? પરંતુ ભાલ નલકંઠામાં આગગાડી, ખટારાનાં સાધનો જ્યાં ભાગ્યે જ છે. ત્યાં કાયમ બેસવાનું બને તો ઉત્તમ નહિ તો પણ નિરંતર આવજા રાખી એ પ્રજાના સુખદુઃખમાં સાથી બનવા તત્પર રહે.

પ્રિય નરહરિભાઈના પત્રમાં એમણે લખેલા શબ્દો અને શ્રી કિશોરભાઇના ઉદ્ગારમાં એવો જ ધ્વનિ છે. માજી મહેસૂલી પ્રધાન મોરારજીભાઈએ બે વરસ પહેલાં માનકોલ સંમેલનના પ્રમુખ તરીકે આવી પોતાની સહાનુભૂતિ પ્રગટ કરી હતી. ભાઈ અર્જુનલાલા પણ ત્યારે સાથે હાજર હતા.

આજે શ્રી રવિશંકર મહારાજની હાજરી છે, તેઓ ગુજરાતના જાણીતા લોકસેવક છે. બીજા ભાઈઓ કે જેઓ કાયમ બનતી લાગણી અંગ તરીકે બતાવતા આવ્યા છે, તેમણે તો પોતાનો ધર્મ માન્યો છે એટલે એમની એ માન્યતા સતત આચારમાં વર્તો. આટલું પ્રસંગોચિત કહી હવે મૂળ વાત પર આવું.

## શિયાળ ઘોળમાં શિયાળનું સ્થાન

શિયાળ ઘોળમાં વીસ ગામો છે. તે પૈકીનાં ઘોળી, મીઠાપુર, દેવપુરા, હડાળા વગેરેમાં લોકપાલ પટેલોની વસતી પુષ્કળ છે. અમો એ વીસ ગામો પૈકીના તેર ગામો તો જાતે જોઈ આવ્યા છીએ અને સૌનો અજબ ઉત્સાહ અનુભવ્યો છે.

શિયાળ તમારી કોમની વસતીમાં નાનું જ ગણાય. પરંતુ શિયાળની અગિયાર ગામોએ પસંદગી કરી તેમાં બે કારણો હતાં :– (૧) શિયાળનો ઉત્સાહ (૨) શેઠ જીવરાજભાઈના કુટુંબની ધગશ.

ભાલની હદ અહીંથી જ શરૂ થાય છે. આમ જોતાં

આ ઘોળનાં વીસ ગામોને દૂર પડવા છતાં નળના કાંઠે આવેલું શિયાળ એ રીતે આ મહાસંમેલનનો યશ ખાટી જાય છે. એણે બતાવેલો ઉછરંગ એ યશની લાયકાત સિદ્ધ કરે છે. ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિએ શિયાળનું સ્થાન મહત્ત્વનું છે. ગાંગડની અહીં રાજધાની હતી અને જ્યારે ભાલ એક વખત અખાતનો ભાગ હતો ત્યારે આ બેટડારૂપ હતું. સેંકડો વહાણો અહીં લંગરાતાં એવાં ચિહ્નો મળી આવે છે. અસંખ્ય પાળિયાઓ અહીંના સામાજિક સંસ્કારી જીવનની પ્રતીતિ આપે છે. હું ઇચ્છું છું કે સ્વાગત પ્રમુખે જે રીતે શિયાળ સંમેલનની સેવા હોંશભેર બજાવી છે, તે રીતે ઠરાવોને પળાવવામાં પ્રમુખ તથા મંત્રીને મદદગાર બને અને ઐતિહાસિક તથા ભૌગોલિક દૃષ્ટિએ જેમ શિયાળ ઉલ્લેખપાત્ર છે, તેમ સામાજિક સંસ્કૃતિના વિકાસમાં પણ ઉલ્લેખ પામવા જેવું શિયાળને બનાવે.

## ઠરાવો વિષે

બગોદરા સંમેલને માણકોલ સંમેલનના ઠરાવોને થોડા સુધારા વધારા સાથે બહાલ રાખ્યા હતા. પણ તમો તો બગોદરા સંમેલનના ઠરાવોને જ પૂરેપૂરા ટેકા સાથે કબૂલ રાખવા ઇચ્છો છો એ સંતોષની વાત છે. એ ઠરાવોની બહોળી ચર્ચા તો ઠરાવો પસાર થતી વખતે અને થયા બાદ થશે. અત્યારે હું એ ઠરાવોના આત્માનો થોડો છતાં ચોકખો ખ્યાલ આપવા માગું છું.

## લોકપાલ પટેલ

આપણે લોકપાલ પટેલ શબ્દની પસંદગી કેવા સંયોગોમાં કરી છે? તેની ચોખવટ વારંવાર કરવામાં આવી છે. છતાં એક વાર ફરીને કહું છું કે પટેલ શબ્દ તો નલકાંઠાના ભાઈઓ છોડવા તૈયાર નહોતા એટલે પૂંઠે લગાડેલો છે. લોકપાલ શબ્દ મૂળ છે. લોકપાલ શબ્દ નવો નથી. આપણા સનાતન સામાજિક ગ્રંથ મનુસ્મૃતિમાં અને લોકપ્રિય રામાયણમાં પણ એ શબ્દ આવે છે.

તમે મૂળે ક્ષત્રિય છો એ સોલંકી, મકવાણા, રાઠોડ, ચૌહાણ આદિ અટકો અને ચારણીય કથનથી પૂરવાર થાય છે.

લોકોનું-પ્રજાનું પાલન કરે તે લોકપાલ કહેવાય.

હવા, પાણી અને પ્રકાશ તો કુદરત પર મોટે ભાગે આધાર રાખે છે. પણ અનાજની ઉત્પત્તિમાં ખેડૂત અને ગાયનો મોટો ફાળો છે એટલે ખેડૂત માત્ર લોકપાલ કહેવાય. પરંતુ તમારી કોમે એ શબ્દ વાપરવામાં પહેલ કરી છે. માટે તમે એના નિમિત્ત રૂપ ગણાઓ.

હિંદનો ભાવી ખેડૂત એક માત્ર અનાજનો જ ઉત્પન્ન કરનાર નહિ બલ્કે સાથે સાથે સંસ્કૃતિનો પણ સૂત્રધાર હશે, એ આપણી કલ્પના છે અને એથી આપણા ઠરાવોનો મોટો ભાગ એવો છે કે જેમાં સંસ્કૃતિનો ખ્યાલ મુખ્ય-પણે રખાયો છે. આપણા નિયમોને ચૂસ્ત રીતે વફાદાર રહેનાર કદાચ આપણાથી હલકી ગણાતી કોમમાંથી નીકળે

તો તે પણ નિયમને પાળનારા સૌના જેટલો જ સામાજિક દરજ્જો પામી શકશે. આપણી જૂની વર્ગ વ્યવસ્થામાં પણ આવી ઉદ્ધાર જોગવાઈ હતી જ.

આપણા નળકંઠાના લિયા ગામમાં ચુંવાળિયા કોળી આપણી કોમમાં થોડા જ કાળથી દાખલ થયા છે. અલબત્ત તે કાળે આપણી કોમમાં ભેળવવાની રીત લગભગ ખીચડું ખવરાવે તે ભળે એવા ધોરણ ઉપર હતી. આજે આપણા ધારાધોરણમાં જીવદયા પાળનાર, ચોરીથી દૂર રહેનાર, દારૂમાટી નહિ વાપરનાર, દીકરીના પૈસા ઉપર આશા નહિ રાખનાર એવી કડક કસોટીઓ રાખવામાં આવેલી છે. આર્થિક દંડનું ધોરણ અને શારીરિક દંડ, (રાજ) શાસનમાં હોય છે, તે ન છૂટકે મૂળે રખાયું હતું. પરંતુ આજે એ જ મુખ્યપણે થઈ જવાથી ગુનાઓનું પ્રમાણ ઘટવાને બદલે વધે છે એવો પ્રામાણિક મત છે. જ્ઞાતિઓમાં પણ પૈસાના દંડનું ધોરણ જ્યાં મુખ્યપણે થયું છે તે જ્ઞાતિઓની વ્યવસ્થા પાંગળી થઈ ગઈ છે. અને અનેક ગુનાઓ વધ્યા છે ને વધે છે એટલે આપણા ઠરાવોમાં પૈસાદંડનું ધોરણ ન છૂટકે રખાયું છે. ભયંકર ગુનામાં તો એ ધોરણ રાખવાનું જ નથી એ વાત ન ભૂલશો. સમજાવટ અને ન છૂટકે અહિંસાના હથિયાર તરીકે અસહકારનું સાધન જ મુખ્યપણે રાખશો તો ગુનાનું પ્રમાણ નહિ જેવું થઈ જશે એ નળકંઠાએ આજે ત્રણ વર્ષથી અનુભવ્યું છે. કોઇની સવેલી ઉપાડી જવી એ ગુનો ભયંકર ગુનો છે,

એમાં જો પૈસા આપી છૂટી જવાતું હોય તો પૈસાદારો એવા ગુનાથી નહિ અટકે, લોકપાલ શબ્દથી આવા નૈતિક ગુનાઓથી સહેજે અટકી જવાય છે.

## ચોરી અને સવેલીના ગુનાઓ

સવેલીના ગુનાઓનું જોર નલકંઠામાં જ્યારે વધેલું ત્યારે લાખો પુળાની ઘાસની ગંજીઓ બળતી, એમાં અસંખ્ય જીવડાંનો કચરઘાણ નીકળે અને નિર્દોષ પશુઓના ખોરાકની રાખ થાય. કેવી અજ્ઞાની પદ્ધતિ? આ પદ્ધતિના મૂળમાં એવું હતું કે અગાઉ તો કોર્ટ કચેરીથી આજના કરતાં વધુ વેગળા આપણે રહેતા, એટલે ચેતવણી આપવા પૂરતી જાસાચિઠ્ઠી બંધાતી અને એકાદ પુળો બળાતો. જાસાચિઠ્ઠી એટલે જાસુસ સાથે મોકલાવેલી ચિઠ્ઠી એવો અર્થ થઈ શકે છે, એટલે આ કથનમાં સત્ય હશે પણ એ પદ્ધતિ જંગલી છે, માટે એ હોવી જ ન જોઈએ. નલકંઠામાં માત્ર ચવલા–દેગામડા કેસ વખતે જામનગરમાં જ્યારે અહીંના સાથીઓએ ખબર આપી ત્યારે ત્યાં રહ્યાં રહ્યાં મેં આપણા લોકપાલ પટેલીઆઓને લખ્યું. તેમાંનો મોટો ભાગ આ કેસની માંડવાળ કરવા રાજી હતો. પરંતુ મારે દુઃખપૂર્વક અહીં કહેવું પડે છે કે જેને વિષે હું કલ્પના ન કરી શકું તેવા વ્યાપારીભાઈ; અંગત સ્વાર્થને લીધે એ કિસ્સાને અટકાવવાને બદલે, ઊલટામાર્ગમાં જતા ગણ્યાગાંઠ્યા લોકોને મદદના નિમિત્તરૂપ બન્યા. મેં સાંભળેલી આ વાત કદાચ ખોટી પણ હશે. પરંતુ ઘણાં પ્રમાણો મળ્યા પછી હું આ રીતે વિના નામે

આ વાત અહીં એટલા સારુ મૂકું છું કે ભવિષ્યમાં તે અગર લોકપાલ પટેલોની વચ્ચે લેવડ દેવડ કરતા બીજા વ્યાપારી બંધુઓ તેવા કુપથથી પાછા વળે. એ કુમાર્ગથી પાછા વળવામાં તેમનું અને સૌનું હિત છે અને વ્યાપારી આલમની પૂર્વની કારકીર્દીનું આજે ફરી નવું ઉજળું પાનું ઉઘડે છે.

ચોરીના કિસ્સાઓમાં ખાસ તો બળદોને ઉઠાવી જવા અને એમનાં વળતર વાળવાની બદી લગભગ નલકંઠા ભાલની પ્રજાને કોઠે પડી ગઈ છે. આમાં ઘણી કોમો અને ઘણાં જવાબદાર માણસો સંડોવાયેલાં છે એમ મને અભ્યાસે અને અનુમાને લાગ્યું છે. આ બદીમાં નિર્ધન ખેડૂત પૂરે-પૂરો ચગદાય છે અને કુસંપના મૂળિયાં ઊંડાં નંખાય છે. આ દિશામાં હજુ આપણે લગારે સફળ થયા નથી. આ સામે લોક પાલકોએ જેહાદ ઉઠાવી પ્રજાને ઉગારી લેવાની છે. હું ઇચ્છું છું કે પોલિસખાતું આ બાબતમાં મદદગાર થશે. કદાચ મદદગાર ન થઈ શકે તો પણ આડખીલ રૂપ તો નહિ જ થાય. અહીંના તાજેતરના આવા એક કિસ્સામાં મુદ્દામાલ મેળવવામાં સાણંદ તાલુકાનાં પોલિસ-ખાતાંએ ઠીક જહેમત ઉઠાવી છે. એ સાંભળેલી વાત જો સાચી હોય તો મને એ જાણી સંતોષ થાય છે. પણ સાથે સાથે એટલું હું સૂચવું છું કે આ બદીનાં પાણી છીછરાં નથી, ભારે ઊંડા છે. જે પ્રભુનો ડર રાખનાર નીતિમાન અમલદાર લાંચ રૂશ્વતથી અને ઉજળીઆત

ગણાતી આલમની ખુશામતથી દૂર રહી ભેખ લઈને એની પાછળ પડશે તે જરૂર ફતેહ મેળવી ભાલની પ્રજાના ખરા આશીર્વાદ મેળવશે.

## માંહોમાંહેના નાના મોટા ઝઘડા

'નળકંઠા અને ભાલની આપણી કોમે માંહોમાંહે ઝઘડા પતાવવા સરકાર દરબારે ન જવું' એ જાતનો એક ઠરાવ બગોદરામાં થયો છે તે ખૂબ કિંમતી છે.

હિંદના આબાદી કાળમાં પંચપ્રથાનો મોટો ફાળો હતો એમ ઇતિહાસ સાખ પૂરે છે. પંચો મારફત નિકાલ થવાથી બન્ને પક્ષ એક બીજાની નજીક આવી શકે છે અને ગુના માફ થઈ જાય છે. આ બાબતમાં નલકંઠા ચોવીસીઓએ અદ્‌ભુત કામ કર્યું છે અને તેમાંય માનકોલ ચોવીસીના આગેવાનોનો ફાળો સંતોષજનક છે, છતાં દુઃખપૂર્વક મારે અહીં એક કિસ્સાની નોંધ લેવી પડે છે તે કિસ્સો ઝોલાપુરનો હતો. અને તેમાં ઘણાં બીજાં ગામ સંડોવાયાં હતાં. એ કેસ કોર્ટે જતાં બન્ને પક્ષો નિચોવાઈ ગયા. ચવલા દેગામડાનો જે ઉપર કહી ગયો તે કેસમાં તો એથી પણ વધુ પાયમાલી થઈ ચૂકી. આખરે તો એ આગ કુદરતે જ શાંત પાડી. છતાં એ વૈરનાં બીજ થોડાં ઘણાં રહી ગયેલાં તે હવે સાફ કરી નાખે એવું અહીં આવેલા ઝાંપ નાનોદરા ચોવીસીના આગેવાનોને સૂચવું છું.

ઝોલાપુર કેસમાં માણકોલ ચોવીસીના તથા ઝાંપ નાનો-

દસ ચોવીસી અને કમીજલા અડતાલીસીના આગેવાનોએ ઠીક ઠીક પ્રયાસ કર્યો હતો તે મારા ખ્યાલ બહાર નથી. હું આશા રાખું છું કે તે કેસને અંગે ઊભી થયેલ ગડમથલો શાંત થઇ ચૂકી હશે.

આ પ્રસંગે મારે શિયાળ અને મીઠાપુરવાળા કલેશનો પણ ઉલ્લેખ કરવો પડે છે. હું મીઠાપુર ગયો ત્યારે બન્ને પક્ષને એ વિષે મેં કહ્યું છે તેનો ફરી ઉચ્ચાર અહીં કરું છું અને અહીં લાગતા વળગતા સૌનું ઘરમેળે સમાધાન તરફ ધ્યાન દોરું છું. ખૂદ શિયાળમાં જોઇએ તેટલો રાગ નથી, એમ મેં જોયું ત્યારે મને ખેદ થયેલો પણ પંચ મારફત સલાહ સમાધાન કરાવવાની મારી ઇચ્છાની પૂરણીમાં સાથીઓના પ્રયત્નો ચાલુ છે એટલે આશાવંત થયો છું. વળી આ પ્રસંગે શિયાળ ગામમાં પૂરો સંપ છે એવું દૃશ્ય પણ દેખાડયું છે. હવે તે રીતે કાયમ વર્તે તેમાં શિયાળની અને ગાંગડની શોભા છે. જીવરાજભાઇ જેવા વયોવૃદ્ધ, ડહાપણદાર ગણાતા અને સાધનસંપન્ન પીઢ હોય ત્યાં શિયાળમાં કુસંપ અને શાંતિની હું ખાસ અપેક્ષા રાખું જ. બીજા મદદ કરી શકે તેવા ખોજા સદ્‌ગૃહસ્થો અને રજપૂત ભાઈઓ એમાં હૃદયપૂર્વક સાથ આપે એમ હું ઇચ્છું છું. ભરવાડભાઇઓ, લોકપાલભાઈઓ અને પઢારભાઇઓ તો ભલી ભોળી કોમો ઘરમેળે સમાધાનમાં મદદરૂપ થશે જ એમ મને લાગે છે.

## પ્રાણીદયા

પ્રાણીદયા એ માનવતાનો મુદ્રાલેખ છે. એથી દરેક ધર્મે એનો મહિમા ગાયો છે. બીજા પ્રાણીના દુઃખમાં ભાગીદાર થવું એ પ્રાણીદયાનું રહસ્ય છે. આવી પ્રાણીદયા ક્ષત્રિયોનો તો મુખ્ય ધર્મ હતો. શિબિ મહારાજા શરણે આવેલા પારેવાને બચાવવા માટે પોતાનું માંસ આપવા તૈયાર થયા હતા. બાજને ખોરાક આપવો અને પારેવાને પણ બચાવવું એ બે કર્તવ્ય એમને સૂડી વચ્ચે સોપારી જેવાં હતાં. તેઓ ખાટકીખાનેથી માંસ મગાવી શકત પણ ન મગાવ્યું. તેઓ સમજતા હતા કે હું માંસ મગાવું એટલું માંસ વધુ મેળવવા માટે ખાટકી બીજાનો પ્રાણ લેશે જ. જો મારે મારો ધર્મ બજાવવો હોય તો તે જાતભોગ આપ્યા વિના ન બજાવી શકાય. બીજાને રક્ષવા માટે પોતે હોમાવા તત્પર થયા. શસ્ત્રો વતી પોતાની જાંઘનું માંસ કાપીને મૂકવા લાગ્યા. આનું નામ તે ખરી ક્ષત્રિયવટ, આનું નામ તે શરણાગત વત્સલ ધર્મ. પારકું માંસ જેટલું સહેલું હોય છે, તેટલું પોતાનું માંસ સહેલું હોય ખરું ?

રઘુકુળના શિરોમણી દિલીપ રાજા વશિષ્ઠ ઋષિની ગાય ખાતર પોતાના પ્રાણની આહુતિ આપવા તત્પર થયાનું વૃત્તાંત કવિ કાલિદાસે રઘુવંશ નામના કાવ્યમાં સુંદર રીતે વર્ણવેલું છે.

પ્યારા લોકપાલ પટેલો ! તમારી પાસે આવી ક્ષત્રિય-

વટ માગું છું.

પરમાટી વાપરવી અને લોકપાલ બનવું એ બે વાત-ને પાલવે નહિ. પરમાટી ખાનાર પાપનો ભાગીદાર (પાપ જાતે ન કરે તો પણ) બને જ છે, વળી માંસાહાર એ મનુષ્યનો ખોરાક પણ નથી. જંગલી પશુનો એ ખોરાક છે. જેમનો માંસાહાર ખોરાક હશે તે જંગલી પશુના નહોર, દાઢ અને હોજરી કાચું માંસ જાતે તોડી ખાઈને પચાવી શકે તેવાં હશે. જુઓ, વાઘ, વરુ વગેરે. કૂતરું માંસાહારી છે, છતાં માણસના સમાગમમાં આવી અર્ધું તો અન્નાહારી થયું છે. તો પછી અનાજ કે જે માણસનો ખોરાક છે, તેને બદલે જે હિંદમાં પુષ્કળ અનાજ મળે તેવી જોગવાઈ છે ત્યાં દાઢ-સ્વાદ ખાતર માંસાહાર કરવો એ દરેક રીતે ભયંકર જ છે.

માંસાહારથી તાકાત આવે છે એવો ભ્રમ સૌએ છોડી દેવો જોઈએ. માંસાહારથી તામસી પ્રકૃતિ વધે છે. જો તામસી પ્રકૃતિ જ તાકાત મનાતી હોય તો એવી તાકાતનો વિનાશ જ ઇચ્છવો, માનવ સમાજના કલ્યાણ માટે હિતકર છે. આથી જ આપણે માંસાહાર અને શિકારના કડક રીતે ત્યાગનો ઠરાવ મૂકયો છે.

દારૂની બદી પણ માણસને શેતાન બનાવે છે. ધોળી, મીઠાપુર વગેરે ગામોમાં તમારી કોમના જે ભાઈઓ ગુપ્તપણે આવાં કાર્યોમાં આજ લગી સાથ આપતા તેમણે પ્રભુ સાખે હોંશભેર જાતે પ્રતિજ્ઞાઓ લઈ લીધી છે. માટે

તમોને અન્યાય ન મળે તે ખાતર અહીં કહેવું જોઈએ કે નલકંઠામાં ત્રણ વર્ષ પહેલાં જે રૂપે આ દૂષણ હતું તે જોતાં આ પ્રદેશમાં અહીં નહિવત જ છે. એટલે સહેજે આ પ્રદેશની આપણી કોમ; કોમમાં સ્વામીનારાયણ ધર્મ પાળનારા ઉપર વિશ્વાસ બેઠો છે તેવો સર્વ સ્થળે વિશ્વાસ બેસાડશે અને નલકંઠામાં છૂટુંછવાયું શેષ રહેલું આ દૂષણ મૂળિયા સહિત કાઢવામાં મદદગાર થશે.

હું તો અહીં હાજર રહેલા પઢાર ભાઈઓને પણ સૂચવું છું કે તમારી કોમ પણ આવું ઉજળું અનુકરણ કરે, તો તમારા બીજા ચુનંદા ગુણોમાં સોનામાં સુગંધ પૂર્યા જેવો લાભ થશે. તમારાં ભજનો સાંભળનાર તમારી ભજનની હલકમાં મુગ્ધ બને છે. પણ જ્યારે તમારી શિકારની નિર્દય રીતે અને માંસાહારની બેહુદી કુટેવનું સાંભળે છે ત્યારે તેમનું મોઢું કરમાઈ જાય છે. આ વર્ષે શિયાળમાં બનેલી કુઘટનામાં તમો ભોળી રીતે કોઈ ઉશ્કેરનારની બાજીનાં સોગઠાં બની ગયા એ જોઈ મને ખૂબ દુઃખ થયેલું. તમારો મારા પરત્વેનો સદ્ભાવ અને તમોએ આ સંમેલનમાં બજાવેલી સેવા અને તમારા નરમાશ અને વફાદારીના ગુણોની મારા મન પર સુંદર છાપ છે અને તેથી આવી વાતો તરફ મીઠી ટકોર કરી તમને ચેતાવવા એ મારી ફરજ મને લાગે છે. આ સભામાં તમારા ગુણો વર્ણવાની ઇચ્છા છતાં આટલી પણ ટકોર મેં પ્રસંગોચિત કરી તે તમારા હિત માટે જ અને ભવિષ્યે તમે આ

આ માર્ગે વળશો તેવી આશાએ જ.

કેટલાક લોકો શિકારને શોખની વસ્તુ માને છે, તે તેમની ખુશીની વાત છે. જયપુરના કોઈ ભંગીભાઈઓ વિષ્ટામાં ખદબદતા કીડાને કાઢીને તેમને સોડવી તેમનું રાયતું બનાવીને ખાય છે એમ પૂજ્ય જવાહરલાલજીના વ્યાખ્યાન સંગ્રહમાં વાંચ્યું છે. પણ એથી કાંઈ હરિજન માત્રને માટે એવું વિધાન ન હોઈ શકે. પણ કેટલાક ક્ષત્રિયભાઈઓ દશરથ રાજાનો રામાયણનો મૃગયાખેલનનો પ્રસંગ વર્ણવી ક્ષત્રિયોને એ વવર્જ્યું છે એમ બોલે છે ત્યારે નવાઈ ઉપજે છે.

ખરી રીતે તો દશરથ રાજાની મૃગયાના શોખનું દુષ્ટ પરિણામ રામ લક્ષ્મણ જેવા પુત્રોના વિરહને બતાવવા માટે જ રામાયણના કર્તા વાલ્મીકિ એ પ્રસંગ વર્ણવે છે. દંડકારણ્યમાં પણ મારીચ નામનો રાક્ષસ જ્યારે સુવર્ણમૃગ બનીને આવે છે ત્યારે એના પર મોહ પામેલાં સીતાજી એ લાલચના પરિણામે મહાદુઃખ પામે છે તે પ્રસંગ પણ રામાયણમાં છે જ. રામાયણ તો શું પણ બાઈબલ, કુરાન કે ઝંદાવસ્તા જેવા ધર્મગ્રંથો પણ ભાર પૂર્વક પ્રાણીદયાનું જ સમર્થન કરે છે.

## તમારી જાતને ને કોઈને હલકા ન ગણો

પ્રિય લોકપાલ ભાઈઓ ! ‘તમો હલકા નથી અને અમે હલકા છીએ એ વાત ભૂલી જાઓ’ એમ મેં જેમ

તમોને કહ્યું છે તે જ રીતે તમો તમારા કરતાં હલકી ગણાતી કોમ પરત્વે પણ પૂરા સન્માનથી વર્તો. વણકર અને ભંગીભાઈઓને ભંગડા અને ઢેડ જેવે હલકે નામે બોલાવો છો એનું મને ભારે દુઃખ થાય છે. તમે એમને હરિજન તરીકે અને બેનામે બોલાવશો તેમાં તમારી શોભા છે, હીણપત નથી. જે માણસ બીજાને હીણો ગણે છે તે જ હીણો થાય છે. માણસ માણસને અડતાં અભડાય એ માન્યતા ઘોર અજ્ઞાન સૂચક છે. તમે એવા અજ્ઞાનથી નિરંતર છેટા રહેજો એવી મારી શિખામણ છે.

તમારા બંધારણમાં જાડાં કપડાં પહેરવાં અને નવરાશને વખતે કાંતવું એવી પણ એક કલમ છે. શિયાળ તો ખાદી ઉત્પાદનનું કેન્દ્ર બને તેવું ગામ છે. પઢારભાઈઓ અને તમો શ્રમજીવી છો. એટલે એ બરાબર ચાલે તેમ છે. લોકસેવકોનું આ તરફ ધ્યાન ખેંચું છું અને શ્રી ગાંગડ ઠાકોર સાહેબ તથા શ્રી જીવરાજભાઈ ત્રિભોવનદાસ શેઠ વગેરેને તેમાં મદદરૂપ થવા સૂચવું છું.

## પશુધન

નલકંઠો અને ભાલ બન્ને સમુદ્રના વિભાગ હતા. એમાં લેશ પણ શંકા નથી. પણ જ્યારે દરિયે પાત્ર બેસવ્યું ત્યારે અહીં પ્રથમ વસાહત કરી રહેનાર બન્ને કોમો (૧) લોકપાલ અને (૨) પવિત્ર ગોપાલક ભરવાડ.

એ બન્ને કોમોનો અમદાવાદ જિલ્લા પર ભારે ઉપકાર છે. સમસ્ત હિંદે આ કદર ભૂલવા જેવી નથી. ઉજ્જડ અને પાણીની સખત તંગીવાળા પ્રદેશમાં વસી એમાંના એકે કરોડો મણ કમોદ અને ઘઉં, ચણા, કપાસ આપ્યા છે તથા બીજાએ મોટા ભાગે ગોપાલન કર્યું છે.

જ્યાં અગણિત ગાયો હતી અને કચ્છ કાઠિયાવાડ-થી ઉતરતાં પશુધનનો પણ જે વગડો આશ્રયભૂત હતો એ પ્રદેશમાં આજે ગાયોનાં દર્શન દોહ્યલાં થઈ પડ્યાં છે. આ પતન કાંઈ નાનુંસૂનું નથી. જે ગાયોના રક્ષણ માટે સંખ્યાબંધ માનવોએ પ્રાણ હોમ્યા છે; પહેલાંના વાઘેલા રાજવીઓએ પણ એ દરકાર કરી છે એવી શિયાળના પાળિયા ઉપરથી લોકવાયકા સંભળાય છે.

હું ઇચ્છું છું કે ફરીને ગોપાલનની સ્થિતિ આ પ્રદેશમાં આવે અને ગોપાલન ધર્મમાં લોકપાલ પટેલો મુખ્ય નિમિત્તરૂપ બને. કારણ કે એમની પાસે પુષ્કળ શક્તિ છે. આ પ્રસંગે મને એક એવી વાત મળી છે કે જીવરાજભાઈએ ગોધલાની પહેલ કરી તેથી ઊહાપોહ ખૂબ ઊઠ્યો છે. હું આ સ્થળે એટલું કહું કે ગોધલા નવી ઢબે કરાવવામાં પણ ઊંડી દૃષ્ટિએ પરાણે બ્રહ્મચર્ય પળાવવું એ પાપ તો છે જ, એ વિષે મેં જે બીના શાસ્ત્રીય રીતે કહી છે તે માણુકોલ રીપોર્ટમાં હોઈને અહીં વધુ સમય નહિ લઉં, પરંતુ ગોધલાની જેઓ વપરાશ કરે છે તેમને ગોધલા અનિવાર્યપણે કરવા પડતા હોય ત્યાં એ પાપ

ક્ષમ્ય હોવું જોઈએ. બીજા લોકો ત્રાસદાયક રીતે ગોધલા કરી આપે તે હોંસભેર ખરીદવામાં પાપ ન જ લાગે અને ગોધલા ઘેર જાતે કરાવે તેને જ એકલું પાપ લાગે તે ઐકાંતિક માન્યતા છે. ખરી વાત એ છે કે ન છૂટકે થતાં આવાં પાપોમાં નિઃસ્વાર્થબુદ્ધિ હોય તો તે ક્ષમ્ય જ ગણાવું જોઈએ. આવો જૈન સૂત્રોનો મર્મ મારી દૃષ્ટિએ સમજ્યા બાદ મારો નમ્ર મત છે. હું સરાસર જોઈ શક્યો છું કે કસાઈખાનામાં ગાયોના આંકડા ત્યારે જ વધે છે કે જ્યારે અહિંસાપ્રેમી જનતા; અહિંસાનો વ્યાપક અને ઊંડો મર્મ ન સમજતાં માત્ર સગવડીઆ પંથી અને આંખ આડા કાન કરનાર મૂઢ સ્વાર્થી થઈ ગઈ છે. આ પરથી ગોધલા કરવા જ એમ જૈન સૂત્રો કહે છે એવું કોઈ એકાંતિકપણે ન સમજી બેસે. જૈન સૂત્રોમાં ગોધલા કરવાનું અલબત્ત વિધાન નથી. પરંતુ લાખો ગાયો પાળનાર અને ખેતી કરનાર શ્રાવકો હતા. તે પરથી એ પણ સહેજે ફલિત થાય છે કે તે લોકોને ત્યાં ગોધલાં હોવા ઘટે. પછી ભલે તે ગોધલા ખરીદતા હોય કે જાતે કરાવી પ્રાયશ્ચિત્ત લઈ લેતા હોય, પરંતુ તેઓ એટલો મર્મ સમજતા જ હતા કે પ્રજાને અનાજ દૂધ આદિ પૂરતો ખોરાક ન મળે તો તે માંસાહારની બદીમાં ચડી જવાનો સંભવ રહેશે. માટે શક્ય તેટલા વિવેકની અને ગૃહસ્થાશ્રમીઓની અહિંસાની મર્યાદા સમજીને શક્ય તેટલું પાપ જનતાને ઓછું કરાવવામાં આપણે

નિમિત્તભૂત બનીએ. પોતાને લાગતા પાપથી છટકી જવા-ની નાઠાબારી તેઓને શોધવાપણું ન રહેતું. કારણ કે તેઓ સહેજે નિઃસ્વાર્થી અને વિવેકી હતા. લોકપાલ પટેલો પાસે પણ એ નિઃસ્વાર્થ અને વિવેકની અપેક્ષા હું રાખી રહ્યો છું.

## દીકરીના પૈસા

વિવાહમાં કે બીજા પ્રસંગે જેટલો ખર્ચ વધુ તેટલો દીકરી ઉપર બોજો થાય જમાઈનું ઘર ખાલી થાય. એટલે પઠણું ઓછું કરવું. માણસો ઓછા લઈ જવાં. વસવાયાં-ની પણ મર્યાદા બાંધવી. એવું એવું કેટલાક ઠરાવોમાં આવે છે. આ બાબતમાં તમે ચુસ્ત રહેજો. વસવાયાંઓની મજૂરીની કિંમત જરાયે ઓછી કરવાની નથી પરંતુ ખુશા-મતને લીધે વેરાતાં નાણાં ઉપર અંકુશ મૂકવાનો આ ઠરાવની પાછળ આશય છે એવો મારો અભિપ્રાય છે. પથારી કરતાં ટૂંકી સોડ તાણનાર સુખી અને નીતિમાન રહે છે. જ્યારે ખર્ચા વધારનાર દેવાળિયો અને અનીતિ-માન થાય છે તે વાત તમે સૌ જાણો જ છો. નળ-કંઠામાં હવે તે બદી નથી. પરંતુ પ્રથમ તો દીકરીને ચાલતું ઘર તોડાવી પૈસાની લાલચે કે અહંકારની ખુમારી-એ બીજે વળાવી દીકરીને ચલણી નોટો માની વટાવતા જમાઈ સ્વર્ગે સીધાવે અને પોતાની કન્યા રાંડે ત્યારે એ પુનર્વિવાહ ઇચ્છે અગર કેટલીક વાર ન ઇચ્છે તોયે

પૈસાની લાલચે બીજે વળાવે. આ દર્દ સમાજના ક્ષયની બીમારીરૂપ જ ગણાય. અહીં એવું દર્દ એ રીતે નથી જ, અને નળકંઠામાં પણ આ બાબતમાં મોટો સુધારો થયો છે તે મારે કહેવું જોઈએ.

## લગ્ન વખતે

કેટલાક ભાઈઓ; પઠણના બે વળ પાડવા ઇચ્છે છે. મારો એમાં સૈદ્ધાંતિક વિરોધ છે. તેનું કારણ એ કે આપણે પરિગ્રહવાદથી દૂર રહેવા ઇચ્છીએ છીએ. નાતીલા સહુ સરખા. જ્ઞાતિના બંધારણમાં ગરીબ તવંગરનો ભેદ ન હોય. જે વિશાળ કુટુંબવાળો કે પહોળા પનાવાળો ગૃહસ્થ હોય તે ઘેર ગમે તેટલી હોંશથી જમાડે પરંતુ વેવાઈને ત્યાં મોટી જાન ન લઈ જાય. આડંબર વશ ન થાય પરંતુ નીમેલા માણસથી ઊલટા ઓછા લઈ જઈ વેવાઈનો ભાર ઓછો કરે. આમ વર્તનારને જ હું સાચો તવંગર ગણું છું. જે તવંગર પોતાના સાધન હીન બંધુ-ઓ પણ પોતાને પગલે ચાલતાં મુશીબતમાં ન પડે તેવું જોઈને ચાલે એ જ ખાનદાન છે. સાધન સંપન્ન લોકો તો હમેશાં મૂઠીભર જ રહેવાના. એમણે સાધનહીન જનો-ના સાથમાં નીતિલક્ષી અને મદદગાર બની રહેવું એમાં જ એમની હસ્તી અભય છે.

લગ્ન વખતે અને હુતાશણીના તહેવારોમાં અસભ્ય ભાષાનો કુરિવાજ બંધ કરવાનું કહેવાયું છે તે ઠરાવ

ઉપર તમોને જાગતા રહેવાનું સૂચવું છું. કારણ કે અસભ્યતામાં મનુષ્યપણું લજવાય છે. બેનો અને બાળકો ખાસ જાગ્રત રહે. બીજી એક બાબત બેનોને ખાસ કહેવાની છે તે એ કે નલકંઠામાં બલેયાંનો કુરિવાજ છે, તે દાખલ થયો હશે ત્યારે આવા પ્રમાણમાં નહિ હોય. આજે તો હાથીની હત્યામાં ટેકો જ મળે છે. વળી બલૈયાં એ હાથીનો દાંત નહિ પણ હાડકાં છે, એટલે એવી અપવિત્ર ચીજ હાથમાં પહેરી રસોઈ કરવી એ પણ ઉચિત નથી. પૈસાનું પાણી તો પારાવાર થાય છે અને નંદવાયા પછી એક પાઈ પણ વળતર મળતું નથી. માટે તે કુરિવાજને ત્યાગવામાં બેનો મદદગાર બને. નલકંઠામાં તે કુરિવાજ એક વર્ષ નબળો પડેલો તેમ મને લાગેલું પણ ફરી (કાઢવાની ઈચ્છા થતા) ઘુસ્યો છે. તમો એને અવશ્ય કાઢજો અને નલકંઠામાંથી પણ એ કુરિવાજ કાઢવામાં મોટી મદદ કરજો.

મરેલાંની પાછળ મીઠું ભોજન જમવું એ આજના યુગમાં કોઈ રીતે ઉચિત નથી, એટલે કારજ બંધ કરવું. હવેથી કોઈએ 'તારો મોટો બાપો કે તારી ઘરડી મા લીંબોળી વીણતી ગઈ' એવાં મેણાં ટોણાં ન મારવા અને જે કારજ ન કરે તેને નાતનો ટેકો આપવો.

## ચા રૂપી મહાશત્રુ

'ચા' આ પ્રદેશમાં ખૂબ છે. આપણાં વીસ ગામોની

લગભગ ૬ હજારની વસતી ગણીએ અને માથાદીઠ માત્ર રોજીંદો એક પૈસો ગણીએ તો દર વરસે ૩૩,૭૫૦ રૂપિયા પાણીમાં જાય. 'ચા'માં જે ત્રણ પ્રકારનાં ઝેર (૧) યુરિક એસિડ (૨) કેફીન અને (૩) ટેનીન આવે છે તે શરીરની પાયમાલી કરે છે. આપણી ખેતી પર ગુજારો કરતી કોમને શરીરમાં તાકાત વગર કેમ ચાલે ? વળી તે માનસિક નબળાઈ અને શરીરના રાજારૂપી વીર્યની નબળાઈ પણ કરે છે.

આમ જોતાં 'ચા'ને છોડવી જોઈએ, અલબત્ત એ છોડવામાં વીરતા જોઈએ, પણ સરવાળે એમાં પૂરો લાભ છે. માટે આ કોમમાંથી સદંતર એ નાબૂદ થાય તેવો પ્રયાસ કરી ગોપાલનના પ્રશ્નમાં આડખીલી ઊભી કરતા અને તન બળ, મનબળ અને અખૂટ ધનબળને કોરી રહેલા દુઃખથી હિંદને મુક્ત થવામાં સહાયકારી બનો એવી મારી તમો સૌ આગેવાનો પ્રત્યે આશા છે.

## અક્ષર જ્ઞાન

અક્ષરજ્ઞાનની જરૂરિયાત માટેનો તમારો ઠરાવ પણ પૂરેપૂરી રીતે અનુમોદવા જેવો છે. અલબત્ત નાના બાળક પાસેથી તમે કામની આશા રાખો છો, તેમાં થોડી હરકત આવશે ખરી. પણ એકંદરે તમોને લાભ જ છે. આ પ્રસંગે જિલ્લાના કેળવણીખાતાને મારી નમ્ર સૂચના છે કે તેઓ ગામડાંને અનુલક્ષીને અભ્યાસક્રમ ગોઠવે. ખાસ કરીને

ખેતીલક્ષી ખેડૂતશાળા અલગ ન થઈ શકે તેવી પરિસ્થિતિમાં ખેડૂતને નવરાશને વખતે અક્ષરજ્ઞાન મળે તેવી જોગવાઈ ચીવટપૂર્વક રાખવી જોઈએ.

અક્ષરજ્ઞાન સાથે શાસ્ત્રીય દૃષ્ટિએ ખેતીની તાલીમ અનિવાર્ય જરૂરી છે. પણ એ વિષે તમારે જાતે જ એવી શાળા ઊભી કર્યા વિના છૂટકો નથી. હું અને સાથીઓ ગયા વર્ષથી આ બાબતમાં વિચારી રહ્યા છીએ.

અપરિગ્રહવાદનો ધાર્મિક સિદ્ધાંત જાળવીને જ આપણે પ્રજોન્નતિનાં પ્રત્યેક કાર્યો કરવાનાં છે, તે લક્ષ્ય ભૂલાવું ન જોઈએ.

## પીવાના પાણીનું દુઃખ

હવે હું સહુ ભાઈઓને ઉદ્દેશીને કહું છું કે આ પ્રદેશનું પીવાના પાણીનું દુઃખ અને તેમાંયે ભાલની ખારી જમીનમાં કૂવાના સાધનની અસંભવિતતા છે, એ ભારે અસહ્ય છે. એ કષ્ટ અનુભવ વિના સમજાય તેમ નથી. હવા, પ્રકાશ પછીની અનિવાર્ય જરૂરિયાતોમાં પાણીની જરૂરિયાત સર્વોપરીપણે છે.

પ્રિય છોટુભાઈએ પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે મારી સંમતિ લઈને આ વિષે કેટલાક ભાઈઓને લખેલું. તેમાંના અમુક ભાઈઓની આ સંમેલન અંગે તથા પાણીનાં દુઃખને ટાળવા નિમિત્તે આર્થિક મદદ આવી છે, પણ આ તો પાશેરાની પહેલી પુણી જેવું છે. હું

ઇચ્છું છું કે તેને જો સ્થાનિક અને બહારના ગ્રામ સેવકો દીપાવશે તો ભાલનળકંઠામાં પીવાના પાણીનું દુઃખ કાયમનું ટળી જશે. આટલું કહી વિરમું છું. ૐ શાંતિ. સંતબાલ

## મુનિશ્રી સંતબાલજીનો સંદેશો

(સંવત ૨૦૩૮ના પોષી પૂનમના ગુંદી આશ્રમમાં મળેલ સંમેલનને મુનિશ્રીએ નીચેનો સંદેશો પાઠવ્યો હતો. સંપાદક)

પોષી પૂનમના શુભ ટાણે ઉપસ્થિત થયેલાં બહેનો, બંધુઓ !

આપણા આ ભાલ નળકાંઠા પ્રયોગનાં મૂળ પગરણ સંવત ૧૯૯૫ના પોષ સુદ પૂનમે માણકોલ મુકામથી મંડાયા હતાં, એ યાદગાર દિવસની યાદ તાજી રાખવા આપ સૌ સંમેલન રૂપે સાથે મળ્યાં છો તે શુભ ટાણે સૌથી પહેલાં તો એ ધન્ય દિવસને યાદ કરાવી મારી ઊંડી શુભેચ્છાઓ અહીં રજૂ કરી દઉં છું. ખરેખર તો એ ઐતિહાસિક દિવસને આવતી પોષી પુનમે બરાબર તેતાલીસ વર્ષ પૂરાં થઈ જશે. ડાહ્યાભાઈ મલાતજવાળા અને તે વખતે (અંબાલાલ સારાભાઈના) માણકોલમાં સેવા આપતા છગનભાઈ દેશાઈ ત્યાં ખેંચી જવામાં મુખ્ય નિમિત્ત બનેલા. જેઓ ભાલ નળકાંઠા પ્રયોગ પરિવાર અથવા વિશ્વવાત્સલ્ય પરિવારના સંમેલનમાં હાજર રહી શકેલા એમને આપે જોયા અને જાણ્યા છે જ.

ત્યાં શરૂઆત તળપદા કોળી પટેલ કોમ જેનું નામ

( તે સંમેલન સમયથી ) લોકપાલ પટેલ રખાયું છે, તે કોમમાં કે જ્ઞાતિમાં લગભગ એકસો સિત્તોર જેટલા ચઢેલા કેસો ( જ્ઞાતિના કેસો ) ફાંગડી મુકામે માણુકોલ સંમેલન પછી ત્રણ ચાર દિવસમાં જ શાન્તિથી પત્યા, તે જોઈ મને ત્યારથી ખાતરી થઈ ચૂકી કે "ધર્મ પ્રધાન આ દેશમાં જ્યારે અધ્યાત્મ સક્રિય બનશે અને ધર્મ સાંપ્રદાયિક સંકીર્ણતા કે સંપ્રદાયોની સંખ્યા વધારવાનો લાલચથી દૂર થશે, ત્યારે ભારતીય ગામડું, ભારતીય નારી જાતિ અને તેમાંય પાછળ પડી ગયેલા માનવ વર્ગો પોતામાં રહેલી ન્યાયનીતિ અને સત્ય અહિંસારૂપ સાચા ધર્મની શક્તિ બરાબર માત્ર ભારતને જ નહીં બલકે આખાયે જગતને પ્રભાવશાળી રીતે બજાવી આપશે." મેં સંવત ૧૯૯૩ ના એક વર્ષના સમૌન એકાંત વાસ પછી સંવત ૧૯૯૪ના લગભગ માગસર–પોષમાં મુંબઈ ચિંચ પોકલી ઉપાશ્રયમાં (લીધેલું) મૌન પાળી જૈન સમાજ આગળ નિવેદન રજૂ કર્યું ત્યારે સૌથી પહેલો મુદ્દો જ કોઈને ધર્માંતર ન કરાવવાના આગ્રહનો હતો, આજે તો એ અને એ નિવેદનમાંના બીજા મોટા ભાગના મુદ્દાઓ વ્યાપક રીતે અચરાતા થઈ ગયા છે, પણ ત્યારે (સ્વરાજ્ય પહેલાં) એ બધાંમાંથી આવું સુફળ નીપજશે, તેવી આશા કોઈકને જ જણાયેલી, ત્યારબાદ તો ગાંધીજીની કાર્યવાહી ઝડપથી દેશમાં અને દુનિયામાં જોતજોતામાં ફેલાઈ ગઈ. સને ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે (ભલે ભાગલાવાળું પણ, તે) સ્વરાજ્ય મળ્યું

અને વર્ષો પછી સત્ય અહિંસા રૂપ ધર્મના શુદ્ધ સાધન પછી ગુલામીની ધુંસરી તોડી ભારતે દુનિયા આગળ આ ભવ્ય નમૂનો પેશ કર્યો, ગાંધીજી શ્રીમદ્‌થી ધર્મ પ્રભાવિત થઈ જે ભારત દ્વારા જગતમાં આવી તેની વ્યાપક ધર્મ ભાવનાની શક્તિ બતાવવાની ઈચ્છા હતી, તેની સૌને પ્રતીતિ થવા લાગી હતી, એ જ અનુસંધાને આપણો આ ભાલ નળકાંઠા પ્રયોગ ત્યારથી શરૂ થઈ ક્રમે ક્રમે ઠીક ઠીક આગળ વધી રહ્યો છે! ત્યાર બાદ તો ભાલનળકાંઠા પ્રદેશમાં સંત, સેવક સંસ્થા, જન સંસ્થા અને (નામે અને સિદ્ધાંતે) રાજ્ય સંસ્થા કોંગ્રેસ અને તેનું રાજતંત્ર એ ચારે તત્ત્વો સંધાવાની શરૂઆત પણ થઈ, એ રીતે એ ભા.ન. પ્રયોગનું પ્રાયોગિક અને મુખ્ય કેન્દ્ર ગુંદી બની રહ્યું. ભા. ન. પ્રયોગમાં આ રીતે મુખ્ય ચાર તત્ત્વો છે, પરંતુ તેમાંય ક્રાન્તિ પ્રિય સંતોનું અનિવાર્યપણે વિશેષપણું છે, કારણ કે અહીંની પ્રજામાં ધર્મ પ્રધાનપણું ખાસ પ્રકારનું છે, અને એથી સર્વધર્મ સમન્વયી ઓલિયાઓનો જ આ મહાન દેશ છે. એ જ રીતે દુનિયા ભરની રાજકીય પદ્ધતિઓ પૈકીની લોકશાહી પદ્ધતિ પણ જે અહિંસાથી નજીકની કહી શકાય, તેવી આ દેશે રાજ્ય પદ્ધતિ પણ સ્વીકારી અમલમાં મૂકી છે. તેથી જંગી બહુમતીમાં આ દેશમાં જે ગામડાંઓ છે, તેની મુખ્યપણે આમ જનતા વ્યાપી ખેડૂત આલમ છે તેને મુખ્યપણું આપવું રહેશે.

સર્વોદયી કાર્યકરો આમ તો રચનાત્મક કાર્યકર રૂપી

પાંખો તરીકે ગાંધીકાળથી હતા જ, પણ ત્યારબાદ સંત વિનોબાજીએ રચનાત્મક કાર્યકરોની અલગ પાંખ સંગઠિત કરી સર્વસેવા સંઘ રૂપે તેને પ્રતિષ્ઠિત કરી મૂક્યો છે, આ બધો મસાલો વ્યવસ્થિત રીતે એક માત્ર જે ભાલ-નળકાંઠામાં છે, તેની શરૂઆત મૂળે તો આ રીતે ૧૯૯૫ સંવતની પોષી પૂનમે જ થઈ. તેથી જ તે શુભ મંગલ ટાણાની આવડી મોટી મહત્તા છે.

માનવીને જે રોટલો અને નીતિન્યાય મુખ્યપણે જરૂરિયાતોમાં જોઈએ છે, તે સાથે સહકારી પ્રવૃત્તિના માધ્યમે સપ્ત સ્વાવલંબન (અન્ન, વસ્ત્ર, વસાહત, શિક્ષણ, સંસ્કૃતિ, આરોગ્ય, ન્યાય અને સલામતી તે બધું ગુંદી ગ્રામ કેન્દ્ર પછીથી ગૂજરાત–મુંબઈ વગેરે સ્થળે વિકસતું જ ગયું.

આ વખતે ગોરક્ષા અભિયાન તરફ મુખ્યત્વે ખેડૂત આલમનું ધ્યાન ખેંચવા અને માતૃ સમાજ મારફત માતૃ જાતિનું ધ્યાન ખેંચવા આ કાર્યક્રમો નિમિત્તે તમો સૌએ પુરુષાર્થ આદર્યો છે તેની હું ફરી ફરીને સફળતા ઈચ્છું છું; અને ફરીથી ઉપસ્થિત થયેલાં તમો સૌને ભૂરિભૂરિ ધન્યવાદ આપી આ સંમેલનની ફરી ફરી સફળતા ઈચ્છું છું.

તા. ૬–૧–૮૨ **સંતબાલ**

# લોકપાલની શિક્ષા-પત્રી

૧ આપણે બીજાને સુખી બનાવીએ તો જ પ્રભુ આપણને સુખી બનાવે.

૨ દેવી ભાવની ભૂખી છે. ભાવ વિનાની સુખડી દેવીને રાજી કરી શકતી નથી.

૩ જે બીજાને પાપ કરતો જાણવા છતાંય તેને પ્રેમથી રોકતો નથી, તે પોતે પાપ નહિ કરતો હોય તો પણ પાપનો ભાગીદાર બને છે.

૪ દેવું કરવું એ પાપ છે.

૫ મરેલાંની પાછળ મીઠું ભોજન ખાવું એ હરામ ખાવા બરાબર છે.

૬ માંસ અને દારૂ વાપરનાર નરકનો અધિકારી છે એમ શાસ્ત્રો કહે છે.

૭ તમાકુને ગધેડા પણ સુંઘતા નથી.

૮ કેફી વસ્તુના ઉપયોગથી પોતામાં તેમજ પ્રજામાં બગાડો પેસે છે.

૯ જે ખોટા ખરચા કરે છે એ ભગવાનનો ગુનેગાર થાય છે.

૧૦ ગાયમાતાને પાળવાથી ગાય માતાની થતી હત્યાનું પાપ અટકે છે.

૧૧ જે પારકાને રંજાડે છે કે પારકાનું બાળી મૂકે છે એને સુખે રોટલો ખાવાનોય અવસર રહેતો નથી.

# ૐ મૈયા

મૂલ્ય : રૂા. ૩-૦૦

સંવત ૨૦૩૯ પોષ સુદ ૧૫ તા. ૨૮-૧-૮૩

પ્રત : ૧૦૦૦

મુદ્રક : પ્રવીણભાઇ ગામી, પ્રણવ પ્રિન્ટર્સ, ૧૧ અ, વિજય કોલોની, અમદાવાદ-૧૪